Year - 30 ● Issue - 4 ● Pages - 20


- આજે ભારતને એક અને અખંડિત રાખવા, વિકાસ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટેના રાષ્ટ્રીય નેતૃત્વની બધી જ શક્તિ અને ક્ષમતા શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં જનતા જોઈ રહી છે ૪
- દિલ્હીના સુબાઓએ ગુજરાતને બરબાદ કરવાની સોપારી લીધી છે - નરેન્દ્રભાઈ મોદી ૫
- સમગ્ર ગુજરાતમાં કૃષિમહોત્સવ : ૨૦૧૧નો શાનદાર પ્રારંભ ૬
- પ્રદેશ ભાજપાની બેઠક ૧૦
- રાતોરાત પેટ્રોલમાં અભૂતપૂર્વ ભાવવધારો કરીને કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે મોંઘવારીમાં પીસાતી જનતાના વિશ્વાસનો સરેઆમ દ્રોહ કર્યો છે ૧૩
- આજથી બસો વર્ષ પહેલાં ગુજરાતીઓએ વિશ્વને પોતાનું ઘર બનાવ્યું હતું હવે વિશ્વ આખું ગુજરાતને પોતાનું ઘર બનાવશે ૧૭



**લેખક - સંકલન**

- ડૉ. જગદીશ ભાવસાર
- નિમેષ જોશી

પત્રવ્યવહાર કાર્યાલય

પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ,
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૫૦૪૫૨૫/૨૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪

E-mail : manogat.1980@gmail.com



તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ વતી સાધના મુદ્રણાલય ટ્રસ્ટ, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે છપાવી પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ, દીનદયાલ ભવન, જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યુ.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel
On behalf of Pandit Deendayal Upadhyay Smruti Trust. Printed at Sadhana Mudranalay Trust, City Mill Compound, Kankaria Road, Ahmedabad and Publish from Pandit Deendayal Upadhyay Smruti Trust, J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.


## તંત્રીસ્થાનેથી....

### કેન્દ્રીય કોંગ્રેસ – બિનલોકશાહી પદ્ધતિથી ગુજરાત અને ભાજપને ટાર્ગેટ કરી રહી છે

## ગુજરાત કોંગ્રેસની હતાશા - નિરાશા હવે 'હિંસા', 'હઠ' અને 'છીછરાં કૃત્યો' તરફ વળી રહી છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં છે ત્યારથી કોંગ્રેસ સતત હાંસિયામાં ધકેલાતી રહી છે. રાજકીય રીતે અસ્તિત્વ માત્ર સ્વરૂપે બચેલી કોંગ્રેસ પોતાની જ નીતિઓને કારણે સમાજજીવનમાંથી પણ લુપ્ત થઈ રહી છે. મારી દૃષ્ટિએ (૧) પ્રજાદ્રોહ (૨) ગુજરાતનો વિરોધ (૩) મુસ્લિમ તુષ્ટીકરણ (૪) વિકાસનો વિરોધ (૫) પાંગળું નેતૃત્વ અને (૬) કેન્દ્રીય નેતૃત્વના પગે પડનારી નપાણિયાપણાની કોંગ્રેસી માનસિકતાએ - ગુજરાતમાં કોંગ્રેસનું અધઃપતન નોતરી દીધું છે.

એક બાજુ માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું હિમાલય જેવું ઉત્તુંગ નેતૃત્વ, શિસ્તબદ્ધ સંસ્કારી ભાજપ કાર્યકર્તાઓની ફોજ, વિકાસોન્મુખ શાસન અને સૌને સરખા ન્યાયની નીતિ સાથે ભાજપ દિનપ્રતિદિન જનમાનસમાં પોતાપણાની ભાવના વધુ ને વધુ કેળવતો ગયો. આ જ કારણોથી રાજકીયની સાથે સાથે સહકારી અને સામાજિક જેવાં વિવિધ ક્ષેત્રોમાં પણ ભાજપને પ્રતિનિધિત્વ મળતું ગયું છે. એટલે જ ભાજપ સરકારની યોજનાઓ સમાજને પોતાની યોજના લાગે છે અને પક્ષના કાર્યક્રમો પણ પ્રજાને સમાજસેવાનાં કાર્યો લાગે છે.

આ તબક્કે મારે જે કહેવું છે તે એ છે કે, છેલ્લાં ઘણાં વર્ષોથી આ પરિસ્થિતિના કારણે હાંસિયામાં ધકેલાઈ ગયેલી કોંગ્રેસ હવે હતાશાની ખીણમાં ગરકાવ થઈ ગઈ છે. અને એટલે જ કેન્દ્રના સત્તાધીશોની સીધી આર્થિક સહાય હેઠળ ગુજરાત કોંગ્રેસ તમામ કાર્યક્રમો ચલાવી રહી છે. વિરોધપક્ષ તરીકે લોકશાહી પદ્ધતિથી કાર્ય કરવાના બદલે કોંગ્રેસે બિનલોકશાહી માર્ગે ગુજરાતને અને ભાજપને 'ટાર્ગેટ' કરવાનું આદરી દીધું છે. સી.બી.આઈ. કે કેન્દ્રીય એજન્સીઓ હોય કે તીસ્તા જેવા **NGO** હોય કે વેચાયેલાં કેટલાંક મીડીયા હોય, તમામ દ્વારા તેઓ પાછળથી વાર કરવા યોજના જ બનાવતા રહ્યા છે. જો કે આવું કરવાથી ગુજરાતની પ્રજામાં કોંગ્રેસનું ધોવાણ વધતું જ રહ્યું છે અને પરિણામે કોંગ્રેસનો કાર્યકર્તા સાવ હતાશ-નિરાશ થઈ ગયો છે.

કરુણતા એ છે કે આ નિરાશા - હતાશા હવે 'હિંસા', 'હઠ', અને 'છીછરાં કૃત્યો' તરફ વળી છે. પ્રજા તેને આવાં કૃત્યો કરવાની સજા આગામી ચૂંટણીઓમાં કરશે જ, પરંતુ કોંગ્રેસના કોઈ કાર્યકર્તા કોઈપણ સ્થળે આવું નબળું વર્તન કરે ત્યારે આપણે વધારે સમજણ - શાણપણ દાખવી આપણી ઊંચાઈને વધારવાનો, આપણી લીટી લાંબી કરવાનો પ્રયાસ કરીએ તે જ આપણો જવાબ છે.

વંદે માતરમ્ ।

# અગ્રગણ્ય સંતો કહે છે...

## આજે ભારતને એક અને અખંડિત રાખવા, વિકાસ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટેના રાષ્ટ્રીય નેતૃત્વની બધી જ શક્તિ અને ક્ષમતા શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં જનતા જોઈ રહી છે

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરના નવા ગાદીપતિ તરીકે મહંત શ્રી દિલીપદાસજી મહારાજને સન્માન સહ ચાદરવિધિ કરતાં શ્રદ્ધાસહ જણાવ્યું હતું કે, જગન્નાથ મંદિરના સપ્તઋષિ સમા સાતેય બ્રહ્મલીન મહંતોની ગાદી પરંપરાને નવનિયુક્ત આઠમા મહંત શ્રી દિલીપદાસજી મહારાજ આધ્યાત્મિક સેવા વિરાસત તરીકે વધુ કીર્તિવાન બનાવશે.

મહંત શ્રી દિલીપદાસજી મહારાજના સન્માન ચાદરવિધિ સમારોહ જગન્નાથ મંદિર પરિસરમાં વિશાળ ભાવિક ભક્તજનોની ઉપસ્થિતિમાં દેશભરમાંથી ચાદર વિધિ સન્માન માટે આવેલ અગ્રગણ્ય સંતો, મહામંડલેશ્વરશ્રીઓ અને મહંતોના આશીર્વાદથી સંપન્ન થયો હતો. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચાદર વિધિ સન્માન કરવામાં સહભાગી બનીને ધન્યતા અનુભવી હતી.

જગન્નાથ મંદિરના ત્રણ ગાદીપતિઓના સાંનિધ્ય અને આશીર્વાદનું સૌભાગ્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યું છે તેનો અંતઃકરણથી ઋણસ્વીકાર કરતાં મુખ્યમંત્રીએ મંદિરના ટ્રસ્ટી મંડળ અને સંતગણ તરફથી સન્માન પત્ર આપીને અભિવાદન કરવામાં આવ્યું તે પ્રસંગના આયોજનથી પોતે સંપૂર્ણ અજાણ હોવાનું જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, આજનો અવસર તો માત્ર મહંતશ્રી દિલીપદાસજી મહારાજના ચાદરવિધિ સન્માનનો ગૌરવ પ્રસંગ છે.

ભગવાન જગન્નાથજીને ગરીબોના દેવતા ગણાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરી પછી જગન્નાથજીએ કર્ણાવતી-અમદાવાદને કેમ પસંદ કર્યું તેની ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું કે અમદાવાદ શહેરનું નિર્માણ જ મિલમજદૂરો, ગરીબ શ્રમજીવીઓએ કરેલું છે. જગન્નાથજી ભગવાન તો ગરીબોના બેલી છે અને તેથી જ તેમનો મહાપ્રસાદ ગરીબોને પ્રિય એવી ખીચડીનો રહ્યો છે.

જગન્નાથજી મંદિરના બ્રહ્મલીન સાતેય મહંતશ્રીઓને ભાવાંજલિ અર્પતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, જગન્નાથજી મંદિર અને તેના મહંતશ્રીઓ




અને ટ્રસ્ટીઓની સેવાની સુવાસ અને આશીર્વાદ સમગ્ર રાષ્ટ્ર, ગુજરાત અને સામાન્ય નાગરિકના જીવનમાં સુખસુવિધા લાવશે.

દેશમાં વરસાદ સારો થાય તો ભગવાન જગન્નાથજીના રથચક્રની જેમ સુખસુવિધાનું અર્થચક્ર પણ સુચારુ ગતિમાન રહે તેવા આશીર્વાદ જગન્નાથજી ભગવાનના સૌને મળે તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી. સંતગણને પણ આવા સુખના આશીર્વાદ ભાવિકભક્તોને આપવા મુખ્યમંત્રીશ્રીએ પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ શહેર, આ રાજ્ય અને ભારતમાં સર્વત્ર શુભ ભાવના ફળદાયી બને અને અશુભને છોડી દઈને સૌ સુખ-શાંતિનો અહેસાસ કરે તેવા સંતગણો પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી હરિદ્વારના જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય, શ્રી હંસદેવાચાર્યજી મહારાજ અને અયોધ્યાના અખિલ ભારતીય અખાડાના પરિષદના અધ્યક્ષ શ્રી જ્ઞાનદાસજી મહારાજે ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા રાષ્ટ્ર પ્રશાસકનું સમર્થન કરતાં જણાવ્યું હતું કે, આજે ભારતને એક અને અખંડિત રાખવા, વિકાસ અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટેના રાષ્ટ્રીય નેતૃત્વની બધી જ શક્તિ અને ક્ષમતા શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં જનતા જોઈ રહી છે ત્યારે દેશના પ્રધાનમંત્રી પદે તેમને સૌ ઇચ્છે છે. માનવતાની શક્તિઓ, સંસ્કૃતિ રક્ષા તથા આતંકવાદ, માઓવાદ જેવાં અધર્મી સંકટો સામે લડીને પરાસ્ત કરવાની ઇચ્છાશક્તિ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશનું નેતૃત્વ કરે તેવા સંતો મહંતો આશીર્વાદ આપે છે.

•

**સરદાર સરોવર નર્મદા ડેમની ઊંચાઈના દરવાજાના નિર્માણ માટે કેન્દ્ર સરકાર કેમ મંજૂરી નથી આપતી ?**



# દિલ્હીના સુબાઓએ ગુજરાતને બરબાદ કરવાની સોપારી લીધી છે - નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રની કોંગ્રેસ સરકારને ગુજરાત વિરોધી અને નકારાત્મક માનસિકતા બદલવા અને ગુજરાત સાથે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા કરવા આહ્‌વાન આપ્યું હતું. ગુજરાત સરકાર તો રાજ્યના સામાન્ય માનવીના ભલા અને ગુજરાતના વિકાસ માટે જ પ્રતિબદ્ધ છે અને ગુજરાતના વિકાસના વિરોધીઓને સાંખી લેવાશે નહીં.

નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની ઉપર દરવાજા મૂકીને ડેમની ઊંચાઈ પુરી કરવા માટે પણ કેન્દ્ર સરકાર મંજૂરી આપવા આડોડાઈ કરે છે, એમ તેમણે જણાવ્યું હતું.

નર્મદાની શાખા-પ્રશાખા નહેરોના ૮૫,૦૦૦ કિ.મી. કુલ લંબાઈના ભગીરથ બાંધકામનું નેટવર્ક ગુજરાતમાં હરણફાળ ગતિથી આગળ વધી રહ્યું છે. રાધનપુરમાં કચ્છ શાખા નહેર અને રાધનપુર શાખા નહેર અને તેની વિતરણ વ્યવસ્થાના રૂા. ૭૧૨ કરોડના ત્રણ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું એકી સાથે મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ ત્રણેય પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થશે અને પાટણ તથા બનાસકાંઠા જિલ્લા ઉપરાંત કચ્છની રણકાંઠાની સૂકી ધરતીને નર્મદાના નીરથી નવપલ્લવિત કરાશે.

કેન્દ્રની કોંગ્રેસ સરકારના અહીં દિલ્હીના સુબાઓએ ગુજરાતને બરબાદ કરવાની સોપારી લીધી છે એવા ગુજરાતના ગામડાના ખેડૂતોના, વિકાસના વિરોધી દિલ્હીના સુબાઓનો હિસાબ ચૂકતે કરવાનું ભૂલશો નહીં એવું જનતાને તેમણે આહ્‌વાન આપ્યું હતું.

નર્મદાના નીરની વર્ષોથી ઝંખના સેવનારા રણકાંઠાના ગામેગામથી વિરાટ જનમેદની રાધનપુરમાં નર્મદા યોજનાની શાખા નહેરોના ત્રણ પ્રોજેક્ટના ખાતમુહૂર્તમાં ઉમટી હતી. ૫૦-૫૦ વર્ષ પછી કચ્છ-કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતની ધરતી માટે રાજ્ય સરકારે સરદાર સરોવર નર્મદા યોજના માટે પેઢીઓનો તલસાટ અને પીડા જોઈને આ સરકારે નર્મદા યોજના ઝડપથી પૂરી કરવા અને ધરતીને સુજલામ સુફલામ બનાવવા પુરી તાકાત કામે લગાડી છે, એમ મુખ્યમંત્રીશ્રીએ વિરાટ ખેડૂત પરિવારોની આ જનશક્તિને વંદન કરતાં જણાવ્યું હતું.

આપણા દેશમાં પાણી માટેના સંઘર્ષ અને ન્યાયની અદાલતોમાં રાજ્યો-રાજ્યો વચ્ચે પાણીની વહેંચણીના વિવાદો ચાલી રહ્યા છે ત્યારે આવા વાતાવરણમાં ગુજરાતે નર્મદાની ૪૫૮ કિ.મી.ની મુખ્ય કેનાલનું નિર્માણ પુરું કરીને માત્ર ગુજરાતને નહીં પણ રાજસ્થાનની સૂકી ધરતીને નર્મદાનું પાણી પહોંચાડીને તેની તરસ છીપાવી છે આવો અભિગમ ગુજરાતે સાકાર કરી બતાવ્યો છે, એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

લોકશાહીમાં પાંચ વર્ષની અવધિમાં રાજકીય પક્ષોએ વિધાનસભા, લોકસભા અને પંચાયતની ચૂંટણીઓ એમ ત્રણ-ત્રણ વાર જનતા સમક્ષ જઈને હિસાબ આપવો પડે પરંતુ કેટલાક લોકો જનતાની સુખ-દુઃખની પરવા કરવા માટેના લોકહિતના આયોજનોની વિચારણા કરવી જોઈએ. તેને બદલે માત્ર નિવદનો કરીને ગુજરાત સરકારે કંઈ નથી કર્યું, જે થયું છે તે કેન્દ્ર સરકારે કર્યું છે એવો અપપ્રચાર કરે છે પણ તેમણે જનતાને હિસાબ આપવો પડશે. ગુજરાત સરકારને બદનામ કરવાના નિવેદનો જનતાને ગળે ઉતારી શકવાના નથી, એમ તેમણે જણાવ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ગુજરાત વિરોધીઓની આ ચાલ હવે સાંખી નહીં લેવાય. ગુજરાતનો વિરોધ કરનારા સામે સચ્ચાઈથી આ સરકાર સામાન્ય માનવી અને ગામડાંને સુખી કરવાની પ્રતિબદ્ધતા દાખવી છે. બીજા રાજ્યોને કેન્દ્ર સરકાર સિંચાઈના એઆઈબીપી પ્રોજેક્ટ માટે કેન્દ્રની ૯૦ ટકા સહાય રણ વિસ્તાર વિકાસ માટે સિંચાઈના પ્રોજેક્ટ માટે આપે છે. પરંતુ નર્મદા યોજનાનો મોટો કમાન્ડ વિસ્તાર, રણ વિસ્તારના વિકાસ પ્રોજેક્ટમાં આવરી લેવાયો છે છતાં નર્મદા યોજના માટે ૯૦ ટકા ગ્રાન્ટ આપવા તૈયાર નથી. આ ગુજરાત વિરોધી લોકોને ઓળખી લેવા છે, એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને આહ્‌વાન કરતાં જણાવ્યું કે, ગુજરાતને અન્યાય કરવાને બદલે ગુજરાત સાથે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા કરવા આવો. માત્ર નકારાત્મક માનસિકતાથી ગુજરાતના વિકાસમાં આડોડાઈ કરવાથી ગુજરાતનું કે દેશનું ભલું થવાનું નથી. ગુજરાતની નર્મદા યોજના માટે કેન્દ્ર સરકારની આડોડાઈથી પૂરતું પાણી છેવાડાના વિસ્તારોને મળવામાં વિલંબ થવાનો છે, એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના કપાસ ઉત્પાદક ખેડૂતોને અધમૂઆ કરવા કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે અને (નરેન્દ્ર) મોદીને કપાસ નિકાસ કરાવીને ક્રેડીટ લેવી છે પરંતુ અમારે ક્રેડીટ નથી જોઈતી. કપાસની નિકાસ કરવાનો પરવાનો જોઈએ છે. આ પરવાનો આપશો તો ભલે ક્રેડીટ કોંગ્રેસ લઈ જાય.

મુખ્યમંત્રીશ્રીએ નર્મદા યોજના માટે જમીન આપવા માટે ખેડૂતો જે રીતે ઉત્સાહથી જમીન આપવામાં સહયોગ આપી રહ્યા છે અને સરકારને સમર્થન આપી રહ્યા છે તે માટે લાખ-લાખ અભિનંદન આપ્યા હતા અને ટપક સિંચાઈથી ખેતીને જમીનને આબાદ બનાવવા હાર્દિક અનુરોધ કર્યો હતો અને માત્ર વિકાસ એ જ આપણી બધી સમસ્યાઓનો ઉકેલ છે, એમ તેમણે જણાવ્યું હતું.

**સમગ્ર ગુજરાતમાં કૃષિમહોત્સવ : ૨૦૧૧નો શાનદાર પ્રારંભ**

## એક માત્ર ગુજરાતે સુખદ અપવાદ સર્જ્યો ઔદ્યોગિક વિકાસ સાથોસાથ ૧૩ લાખ હેક્ટર કૃષિ વાવેતર વિસ્તાર વધ્યો



## કૃષિમહોત્સવમાં એક લાખથી વધારે સરકારી કર્મયોગીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ૨૨૫ કૃષિરથમાં ૧૮૦૦૦ ગામડાંમાં કૃષિક્રાંતિનું અભિયાન શરૂ

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સાતમા કૃષિમહોત્સવ : ૨૦૧૧નો પ્રારંભ કરાવતાં જાહેર કર્યું હતું કે વૈજ્ઞાનિક કૃષિ અને પશુપાલન દ્વારા ગ્રામવિકાસ માટે ગુજરાતના સામર્થ્યની આખા દેશમાં આગવી ઓળખ ઊભી થઈ છે.

સાબરકાંઠાના અકોદરામાં ભારતની સર્વપ્રથમ એનિમલ હોસ્ટેલ અને કૃષિમહોત્સવનું વિરાટ કિસાન શક્તિની ઉમંગભરી ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કૃષિમહોત્સવ એ સર્વાંગી કૃષિક્રાંતિનું અભિયાન બની ગયું છે. રાજ્ય સરકાર અને કિસાનોની સહિયારી તપસ્યાએ ગુજરાતને કૃષિક્ષેત્રે પણ દેશમાં પ્રથમ સ્થાનનું ગૌરવ અપાવ્યું છે એમ તેમણે ગૌરવપૂર્વક જાહેર કર્યું હતું.

અખાત્રીજના પુનિત પર્વે, ખેતમુહૂર્તની પૂર્વતૈયારી તરીકે સમગ્ર ગુજરાતમાં લગાતાર રાજ્ય સરકારના એક લાખથી વધારે કર્મયોગીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આ કૃષિમહોત્સવના માધ્યમથી ૨૨૫ તાલુકાઓમાં કૃષિરથો દ્વારા ગ્રામવિકાસની ક્રાંતિનું અભિયાન શરૂ થઈ ગયું છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર જિલ્લાઓના પ્રાદેશિક કૃષિમહોત્સવનો હિંમતનગર નજીક અકોદરાથી મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો, તેની સાથે જ ગુજરાતનાં ૧૮૦૦૦ ગામોમાં કૃષિમહોત્સવની એક મહિનાની ઉજવણી શરૂ થઈ છે.

મધ્યાહ્નની ધોમધખતી ગરમીમાં પણ કૃષિમહોત્સવમાં ભાગીદાર બનેલી વિરાટ કિસાન-ગ્રામશક્તિને આવકારતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતે ખેતી, પાણી, જમીન, પશુઉછેર અને ખેડૂતોની નાની-મોટી બધી જ સમસ્યાઓનું સમાધાન આ કૃષિમહોત્સવથી લાવી દીધું છે અને તેના કારણે જ કિસાનોના પરિશ્રમે અને સરકારની મહેનતે રંગ લાવી દીધો છે. ગુજરાત આજે કૃષિવિકાસ ક્ષેત્રે

### કિસાનોને કૃષિમહોત્સવની ભેટ

### ખરીફ પાક બિયારણોના પેકેટ દીઠ ભાવમાં રાહતની જાહેરાત કરતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિમહોત્સવના પ્રારંભે ગુજરાતના કિસાનોને પ્રમાણિત બિયારણ સમયસર અને સરળતાથી મળી રહે તે માટેની વ્યવસ્થા ઉપરાંત ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ખરીફ ચોમાસુ પાકોના બિયારણના પેકેટદીઠ ભાવોમાં રાહત આપવાનો સ્તુત્ય નિર્ણય જાહેર કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ બિયારણોના ભાવોમાં રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર જે રાહતો આપી તે આ પ્રમાણે છે.

* બીટી કપાસના બિયારણના પેકેટદીઠ ભાવમાં રૂપિયા એકસો (રૂા. ૧૦૦)ની રાહત અપાશે.
* હાઈબ્રીડ દિવેલાના બિયારણમાં પેકેટદીઠ ભાવમાં દશ ટકાની રાહત મળશે.
* અન્ય ચોમાસુ પાકો જેવા કે તુવેર, ડાંગર, સોયાબીન, તલ, અડદ અને મગના પ્રમાણિત બિયારણની પેકેટદીઠ વેચાણ કિંમતના ભાવમાં પાંચ ટકાની રાહત મળશે.

મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાતના હિંમતનગર નજીકના અકોદરામાં આજે અખાત્રીજથી શરૂ થતા કૃષિમહોત્સવમાં કિસાનોના વ્યાપક લાભની આ જાહેરાત કરતાં જણાવ્યું કે, ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા દરેક ગામમાં કૃષિરથ પહોંચે ત્યારે આ રાહતોનો લાભ બિયારણ માટે ખેડૂતોએ મેળવી લેવાનો રહેશે. દરેક ખેડૂતને બિયારણના બે પેકેટદીઠ આ રાહતનો લાભ મળવાપાત્ર થશે.

ઇતિહાસમાં પહેલીવાર નંબર એક ઉપર પહોંચ્યું છે, પરંતુ એનાથી વિરામ લેવો નથી, કૃષિ આધારિત સમગ્ર ગ્રામઅર્થતંત્રને સમૃદ્ધિના પંથે દોરીને ગામડાંને સુખી અને સંપન્ન બનાવવાં છે.

# ગુજરાતના ખેડૂતોને બરબાદ કરવા કેન્દ્ર સરકાર રાજકીય આટાપાટાના ખેલ ખેલવાનું બંધ કરે

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારના ગુજરાતના ખેડૂત વિરોધી રાજકીય આટાપાટા અને પેંતરા સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવ દ્વારા ગુજરાત સરકાર ખેડૂતોના હિત માટે જ કાર્યરત રહેશે.

અખાત્રીજથી સમગ્ર ગુજરાતમાં એક મહિનાનો કૃષિ મહોત્સવ ગામેગામ ઊજવાઈ રહ્યો છે. મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના કાર્યક્ષેત્રમાં ચાર વિભાગીય કૃષિ મહોત્સવ અને કૃષિ મેળામાં કિસાન શક્તિના ઉમંગ-ઉત્સાહમાં સહભાગી થવાનો ઉપક્રમ જાળવ્યો છે. અગાઉ ઉત્તર ગુજરાતના કૃષિ મહોત્સવમાં હિંમતનગર ખાતે અને ત્યારબાદ દક્ષિણ ગુજરાતના મોટાપોંઢામાં કૃષિ મહોત્સવમાં ખેડૂત પરિવારો સાથે કૃષિક્રાંતિ અભિયાનમાં સહભાગી બન્યા બાદ આજે ગોધરામાં મધ્ય ગુજરાતના કૃષિ મેળામાં વિરાટ સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. અમદાવાદ, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જિલ્લાઓના આ વિભાગીય કૃષિ મહોત્સવમાં કિસાનશક્તિનું અભિવાદન કરતાં પહેલાં મુખ્યમંત્રીશ્રીએ ગોધરામાં આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નવનિર્મિત કૃષિ ઇજનેરી કૉલેજના ભવનનું લોકાર્પણ કર્યું હતું. કૃષિ મહોત્સવમાં ખેતી-પશુપાલન ક્ષેત્રે નવા સફળ પ્રયોગો કરનારા પ્રગતિશીલ ખેડૂતોનું અભિવાદન અને કૃષિ મહોત્સવના લાભાર્થીઓને કૃષિ-બાગાયત કીટ્સ સાધન સામગ્રીનું વિતરણ પણ તેમણે કર્યું હતું.

એક મહિના સુધી ધોમધખતા તાપમાં રાજ્ય સરકારના એક લાખ જેટલા કર્મયોગીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો ૧૮,૦૦૦ ગામડાં ખૂંદી રહ્યા છે એવા આ કૃષિક્રાંતિના અભિયાનની સફળતાથી કેન્દ્ર સરકાર પ્રોત્સાહિત થવાને બદલે રાજકીય પેંતરા રચીને ગુજરાતના ખેડૂત અને ખેતીવાડી માટે નકારાત્મક ભૂમિકા કરી રહી છે તેની સિલસિલાબંધ ભૂમિકા મુખ્ય મંત્રીશ્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે, આખા દેશમાં ખેતીવાડીની દુર્દશા થઈ છે અને પાક માટે બિયારણ, ખાતર, દવા પૂરતાં ના મળે, વીજળી ના મળે, પાણી મળે નહીં અને ખેડૂત પાક ઉત્પન્ન કરે ત્યારે તેને પૂરતા ભાવ મળે નહીં એવી કમનસીબ સ્થિતિમાં દેશના ખેડૂતોને ધકેલી દેવાયા છે. ગુજરાતના ખેડૂતોનું ભલું થાય તે કેન્દ્રની કોંગ્રેસ સરકાર સાંખી શકતી નથી એટલે તમામ નકારાત્મક કારણો રચીને ગુજરાતના ખેડૂતોના હિતના ભોગે આડખીલીરૂપ નિર્ણયો કરતી આવી છે એમ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારની આડોડાઈને કારણે ગુજરાતના કપાસ પકવતા ખેડૂતોના કપાસની નિકાસ બંધ કરીને ખેડૂતોને બરબાદ કરતા માલેતુજાર વેપારીઓને સુખી કરવા ખેડૂતોના માલ લૂંટાઈ જાય પછી નિકાસની છૂટ આપવી એવા રાજકીય આટાપાટા રચે છે એવો સ્પષ્ટ આક્ષેપ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, પહેલાં ખેડૂત વિરોધી કાયદા કરવા, પછી કોંગ્રેસને ક્રેડિટ અપાવવા ખેડૂતની ક્રેડિટ ખતમ કરવાના કારસા રચાઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીને કપાસની નિકાસબંધી તત્કાલ ઉઠાવી લેવા પત્ર લખ્યો પણ તેનાથી કેન્દ્ર સરકારની આંખ ઊઘડી નથી કારણ કે ગુજરાતના ખેડૂતોને બરબાદ કરવા કેન્દ્ર પેંતરા રચે છે. ખેડૂતોની ચિંતા નથી કરવી પણ ખેડૂતોના નામે રાજકીય રોટલા શેકવા છે, એમ મુખ્યમંત્રીશ્રીએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નિર્ધારપૂર્વક જણાવ્યું કે, આ સરકાર કેન્દ્ર સરકારની ગુજરાતના ખેડૂતોને બરબાદ કરવાની રાજકીય આટાપાટાની ધમકીથી ડરી જવાની નથી. કૃષિ મહોત્સવ દ્વારા આધુનિક ખેતી માટેની નવી પદ્ધતિ, સિંચાઈ માટે પાણી, ખેતીવાડી અને બાગાયત માટેનું બિયારણ, કૃષિ સાધનસામગ્રીની કીટ્સ સહાય જેવી ખેડૂતોની તમામ નાની-મોટી જરૂરિયાતોની પૂર્તિ આ સરકાર કરી રહી છે, કારણ કે ગુજરાતનો ખેડૂત સુખી થાય, ગુજરાતનાં ગામડાં સમૃદ્ધ થાય તેવા કૃષિ ક્રાંતિના એકેએક પાસાનું ધ્યાન રાખ્યું છે.

અખાત્રીજ એટલે ખેડૂતો માટે ખેતીની પૂર્વતૈયારીઓનું પર્વ પરંતુ આ સરકારે સરકારી તંત્રની પૂરી તાકાત એક મહિના સુધી ખેડૂતની પરિશ્રમી શક્તિ સાથે જોડીને કૃષિમહોત્સવ દ્વારા કૃષિક્રાંતિનું અભિયાન ઉપાડ્યું છે. ગુજરાતના કિસાનોને અવળે માર્ગે દોરનારાથી સહેજ પણ પ્રભાવિત થયા વગર ખેડૂતોએ આ સરકારના કૃષિમહોત્સવને જે રીતે વધાવ્યો છે તેના કારણે જ, ગુજરાતે વૈજ્ઞાનિક ખેતી અને પશુપાલનની સમૃદ્ધિનું વાવેતર કર્યું છે એમ કિસાન શક્તિને અભિનંદન આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સ્વર્ણિમ જયંતી વર્ષની આટલી વિશાળ ઉજવણી પછી તુરત જ એક મહિનાના કૃષિમહોત્સવનું અભિયાન ઉપાડ્યું તેમાં પણ, વિરાટ જનશક્તિ જોડાઈ તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે 'જેઓ (નરેન્દ્ર) મોદીની ટીકા કરે છે કે આ મોદી નવરા પડતા નથી અને નવરા પડવા દેતા નથી - પગ વાળીને બેસવાની કોઈને ફુરસદ નથી દેતા - તેઓ હકીકતમાં સાચા છે. આજે ગુજરાત પગ વાળીને બેસશે તો આવતીકાલના સમૃદ્ધ ગુજરાતનાં સપનાંનાં વાવેતર સફળ કઈ રીતે થશે ? 'હું તો કોઈની ટીકા-ટિપ્પણી

કે રાજી-નારાજી વિચાર્યા વગર ગુજરાતના કિસાનના ગામડાનાં સુખનાં સપનાં સાકાર કરવા કોઈ ક્ષણ બાકી છોડવાનો નથી' એમ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

કૃષિરથ સ્વરૂપે કૃષિવિકાસની ગંગા ગામને આંગણે આવી છે ત્યારે તેનું સઘળું પુણ્ય કમાઈને ખેતી અને ગામડાંને સમૃદ્ધ બનાવવા તેમણે આહ્‌વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કૃષિવિકાસ અને જળવ્યવસ્થાપન દ્વારા જે ક્રાંતિકારી વિકાસ થયો છે તેની જાણકારી આપતાં જણાવ્યું કે દેશમાં બધે જ ઔદ્યોગિક વિકાસ થયો છે ત્યાં ખેતીની જમીન ઘટી છે, પરંતુ ગુજરાત જ એકમાત્ર એવું સુખદ અપવાદરૂપ રાજ્ય છે જ્યાં ઉદ્યોગોએ હરણફાળ પ્રગતિ કરી છે, સાથે સાથે ખેતીનો વિસ્તાર વધ્યો છે, ખેતીનું ઉત્પાદન વધ્યું છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ આંકડા સહિત ભૂમિકા આપતાં જણાવ્યું કે ગુજરાતમાં દશ વર્ષમાં ૧૩ લાખ હેક્ટર ધરતી જ્યાં ઘાસનું તણખલું પણ ઊગતું નહોતું તેવી જમીનમાં ખેતીનું વાવેતર વધ્યું છે અને નર્મદાનાં પાણી સિંચાઈ માટે મળતાં આ વાવેતર વિસ્તાર હજુ વધીને ૨૦ લાખ હેક્ટર થવાનો છે.

વાવેતર વિસ્તાર વધવા ઉપરાંત નર્મદા અને સુજલામ્ સુફલામ્ યોજનાના કારણે ખેતીનું ઉત્પાદન વધ્યું છે. ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લેતા થઈ ગયા છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ સરકારે ખેતી માટે અને પીવાના પાણી માટે જળવ્યવસ્થાપનને અગ્રીમતા આપી અને ગુજરાતના વિકાસને નવી દિશા બતાવી છે. સિંચાઈના પાણીના વપરાશ માટે તેમણે કિસાનોને ટપક સિંચાઈ અપનાવવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ટપક સિંચાઈ દ્વારા જમીન અને પાણીનો બગાડ થતો અટકશે

### મુખ્યમંત્રીશ્રીનો વડાપ્રધાનશ્રીને તાકીદનો પત્ર

## કપાસની નિકાસબંધી તાત્કાલિક ઉઠાવી લો - નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કપાસની નિકાસબંધીને ખેડૂતહિત વિરોધી ગણાવીને કપાસની નિકાસ ઉપરના પ્રતિબંધને તાત્કાલિક અસરથી ઉઠાવી લેવા તથા કપાસના ઉત્પાદન ક્ષેત્રે નિકાસ દ્વારા દેશના અર્થતંત્રમાં અગ્રગણ્ય ફાળો આપતા ગુજરાતના ખેડૂતોને થઈ રહેલા નુકસાનમાંથી ઉગારવા માટે ખાસ કિસ્સામાં ગુજરાતને જ કપાસની દસ લાખ ગાંસડીઓની નિકાસનો કોટા ફાળવવા વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને ખાસ આગ્રહપૂર્વક વિનંતી કરતો પત્ર પાઠવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કપાસની નિકાસબંધીના કેન્દ્ર સરકારના નિર્ણયથી ગુજરાતના કપાસ ઉત્પાદકો અને કપાસની ખેતી આધારિત ગ્રામ અર્થતંત્ર ઉપર કેવી વિપરીત અસર પડશે તેની સવિસ્તર જાણકારી આપતાં વડાપ્રધાનશ્રીને પત્રમાં જણાવ્યું છે કે, અગાઉ પણ તેમણે કપાસની નિકાસના પ્રતિબંધને કારણે કપાસ ઉત્પાદકોને આર્થિક સંકટમાં ધકેલી દેવાયા છે તે અંગે સવિસ્તર રજૂઆત કરી જ હતી. ગુજરાત દેશનું ત્રીજા ભાગનું કપાસનું ઉત્પાદન કરે છે અને ૫૦ ટકા કપાસની નિકાસ કરે છે. ગુજરાતનો કપાસ આજે વિશ્વના બજારોમાં તેની ગુણવત્તાને કારણે મશહૂર બનેલો છે અને ૨૦૦૩માં ગુજરાતનું કપાસ ઉત્પાદન ૧૬ લાખ હેક્ટરમાં હતું તે વધીને ગયા વર્ષે ૨૪.૬૪ લાખ હેક્ટર ઉપર પહોંચી ગયું છે. આ વર્ષે તો ગયા વર્ષના ૭૪ લાખ ગાંસડી કપાસના ઉત્પાદન સામે ખેડૂતોએ ૧૦૪.૫૫ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન કર્યું છે. કપાસની નિકાસબંધી અંગે કેન્દ્રનાં નાણાં અને વાણિજ્ય પ્રતિબંધ ફરમાવીને ગુજરાતના કપાસ ઉત્પાદકોને નિરુત્સાહ કરી દેવાની ચાલ રમાઈ રહી છે. ૨૦૧૦માં તો કેન્દ્રીય નાણા મંત્રાલયે તો પ્રતિ ટન રૂા. ૨૫૦૦ની એક્સ્પોર્ટ ડ્યૂટી લાદી દીધી હતી, જેનું જાહેરનામું ૯મી એપ્રિલ ૨૦૧૦ના રોજ બહાર પાડી દીધું હતું.

આ ખેડૂત વિરોધી નીતિ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય બજારોમાં કપાસના ભાવ વધી રહ્યા છે ત્યારે ઘરઆંગણે કપાસના ભાવ સતત ઘટી રહ્યા છે. કપાસ ઉત્પાદકો પાસે કપાસનો સંગ્રહ કરવાની કોઈ જ વ્યવસ્થા નથી તેથી આ મહામૂલો કપાસ નીચા ભાવે વેચવાની ફરજ ગુજરાતના કપાસ ઉત્પાદકોને પડી છે. થોડાક દિવસ પહેલાં જ બીટીકોટન, એસ/૬ના ભાવ સડસડાટ નીચે ઊતરી ગયા છે અને રૂા. ૬૨,૫૦૦ પ્રતિ કેન્ડીના કપાસનો ભાવ ઘટીને રૂા. ૪૪,૦૦૦ થઈ ગયો જ્યારે શોર્ટ સ્ટેપલ વી ૭૯૭ જાતના કપાસના ભાવમાં તો ગયા મહિને રૂા. ૫૦,૦૦૦ કેન્ડી દીઠ હતો તે અડધોઅડધ ઘટીને રૂા. ૨૫,૦૦૦ થઈ ગયો છે. રો-બીટી કોટન ભાવ ચાલુ સીઝનમાં ક્વિન્ટલ દીઠ રૂા. ૭૨૫૦ હતા તેમાં પણ ૪૦ ટકા ઘટાડો થઈ ગયો છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ગયા વર્ષે કપાસનું ઉત્પાદન ૨૯૫ લાખ ગાંસડી હતું ત્યારે ૮૫ લાખ ગાંસડી એક્સ્પોર્ટ ક્વોટા મંજૂર થયેલો. આજે ૩૩૦ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થયું છે ત્યારે માત્ર ને માત્ર ૫૫ લાખ ગાંસડી એક્સ્પોર્ટ ક્વોટા જ મંજૂર થયેલો છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયનો આ અભિગમ કઈ રીતે અપનાવવામાં આવ્યો છે તે સાદી સમજમાં આવતું નથી એમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ અત્યારે દેશમાં કપાસના ભાવો સતત નીચા જવાના કારણે અને આંતરરાષ્ટ્રીય બજારોમાં કપાસના ભાવ ઊંચા હોવા છતાં કપાસની નિકાસબંધીના નિર્ણયથી સમગ્રપણે કપાસ ઉત્પાદકોમાં અત્યંત આક્રોશ પ્રવર્તે છે આથી કપાસની નિકાસ ઉપરનો પ્રતિબંધ તત્કાળ અસરથી ઉઠાવી લેવો જોઈએ અને ગુજરાતના કપાસની નિકાસ માટે ખાસ કિસ્સામાં ૧૦ લાખ ગાંસડી ક્વોટાની નિકાસની છૂટ આપવી જોઈએ એવી ભારપૂર્વક માગણી મુખ્યમંત્રીશ્રીએ કરી છે.

# સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો માટે જમીન આપનારા ખેડૂતોને સંપાદિત જમીન માટે નવી જંત્રીના દરે વળતર અપાશે

## રાજ્ય સરકારના આ નિર્ણયતી ખેડૂતોને વળતર પેટે રૂા. ૭૭૦ કરોડ વધારે મળશે

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસ અને નાણા રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે નર્મદા યોજનાના નિર્માણમાં સહભાગી બનીને જમીન આપનારા ખેડૂતોને સંપાદિત જમીનનું યોગ્ય વળતર મળે તે માટેના પ્રોત્સાહક નીતિવિષયક નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું છે કે, નર્મદા યોજનાની કેનાલો માટેની જમીન આપનારા ખેડૂતોને તાજેતરમાં નવી જંત્રી પ્રમાણેના ભાવો ઉપરાંત વધારાનું ૩૦ ટકા સોલેસીયમ વળતર મળવાપાત્ર થશે. પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સુધારેલ નવી જંત્રી આધારિત વળતરની નવી નીતિથી ૮ જિલ્લાના ૨૧૬૭૧ હેક્ટર જમીનના ૮૬૧૩૨ ખેડૂતોને તેનો લાભ મળશે. જેમાં જૂની જંત્રી પ્રમાણે ૧૦૧૮૩ હેક્ટર જમીનના ૫૫૩૯૫ ખેડૂતોને પણ સુધારેલ નવી જંત્રી મુજબના વળતરની યોજનાનો લાભ મળશે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના લાખો ખેડૂતોને જમીનના વેચાણ માટેના વર્ષો જૂના શોષણમાંથી મુક્તિ અપાવવા ખેતીથી ખેતી માટે અને બિન ખેતીની જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં તબદીલ કરવા માટેના પ્રીમિયમમાં ૫૦ ટકાનો ઘટાડો કરીને ક્રાંતિકારી નિર્ણય લીધો છે. નર્મદા યોજનાની કેનાલોના કમાન્ડ વિસ્તાર માટે પણ પોતાની જમીન સંપાદન કરવા માટે આપનારા કિસાનોને પણ યોગ્ય વળતર મળી રહે તેવી પ્રોત્સાહક નીતિ તૈયાર કરવા મુખ્યમંત્રીશ્રીએ ત્રણ મંત્રીશ્રીઓ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા નાણા રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલની સમિતિને જવાબદારી સુપરત કરી હતી, અને તેના આધારે નર્મદા યોજનાના કેનાલ બાંધકામમાં ગતિ આવે તે હેતુથી જમીન સંપાદનમાં સહભાગી બનતા ખેડૂતોને જેઓએ જૂની જંત્રી પ્રમાણે વળતર મેળવ્યું છે તેઓને પણ નવી જંત્રીની મુજબ વળતરનો લાભ મળશે.

નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તાર માટે કુલ ૨૧૬૭૧ હેક્ટર જમીન સંપાદિત કરવાની થાય છે, અને તે માટે જૂની જંત્રી પ્રમાણે ૫૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના થતા હતા, હવે તેની સામે રાજ્ય સરકારની નવી નીતિથી સુધારેલ જંત્રી મુજબ ૧૨૭૦ કરોડ રૂપિયા રકમની ચુકવણી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. આમ ૭૭૦ કરોડની વધારાની રકમ ખેડૂતોને ચુકવાશે. આ રકમ સીધેસીધી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં જમા કરવા માટે પણ રાજ્ય સરકારે નીતિ અખત્યાર કરેલી છે.

ગુજરાત સરકારે નર્મદા યોજના માટેના કમાન્ડ વિસ્તારની કેનાલોના કામ માટે જમીન સંપાદનના વળતર માટે તા. ૧૧-૫-૨૦૧૦થી પ્રવર્તમાન જંત્રી ભાવે વળતર આપવાનું નક્કી કર્યું હતું. આ નીતિ ગુજરાતના ખેડૂતોએ આવકાર આપી કમાન્ડ વિસ્તારમાં આવતા અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાઓમાં ખૂબ જ સાનુકૂળ પ્રતિભાવ મળેલ અને અત્યાર સુધીમાં ૧૦૧૮૩ હેક્ટર જમીન જંત્રી આધારિત સંપત્તિથી સંપાદિત કરવામાં આવેલી છે.

તાજેતરમાં રાજ્ય સરકારે નવી જંત્રીની ઘોષણા કરી છે. રાજ્યમાં નર્મદા યોજનાની કેનાલોનું કામ ઝડપથી આગળ વધે અને ખેડૂતોને તેમની સંપાદિત થયેલી જમીનનું યોગ્ય વળતર મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે પ્રોત્સાહક નીતિ અપનાવી સુધરેલ નવી જંત્રી મુજબના ભાવો ઉપરાંત વધારાના ૩૦ ટકા સોલેશ્યમની રકમ આપવાનો મહત્ત્વનો નીતિવિષયક નિર્ણય કરવામાં આવ્યો છે. સરદાર સરોવર નર્મદા નિગમને ચાલુ વર્ષે ૨૦૧૧-૧૨માં ૬૮૩૫ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરવામાં આવી છે. સાથે સાથે જુની જંત્રી આધારિત સંપાદિત થયેલ જમીનના ખેડૂતોને નવી જંત્રી આધારિત વળતરની તફાવતની રકમની ચુકવણીની કાર્યવાહી સરદાર સરોવર નર્મદા નિગમને તાત્કાલિક હાથ ધરી પૂરી કરવાની સૂચના આપવામાં આવી છે.

અને સોઈલ હેલ્થકાર્ડ દ્વારા જમીન અને ખેતી સુધરશે તેનાં સફળ દૃષ્ટાંતો આપી જણાવ્યું કે ગુજરાતમાં આ વર્ષે બધા જ ખાતેદાર ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ મળી જશે અને જમીનની ચકાસણી માટે રાજ્યની વિજ્ઞાન શાળાઓની લૅબોરેટરીનો ઉપયોગ કરી શકાશે.

કૃષિ ક્ષેત્રે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં એગ્રો બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ અને વેલ્યુ એડિશનના ૩૭૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટો આવી રહ્યા છે તેની જાણકારી આપી મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગોની જેમ કૃષિવિકાસ ક્ષેત્રે ગુજરાતની આગવી શાખ ઊભી થઈ છે તેમ જણાવ્યું હતું. •

# પ્રદેશ ભાજપાની બેઠક



## કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી અને અન્ય સામાજિક વિકાસનાં કામોમાં કાર્યકર્તાઓ પૂરક બને - નરેન્દ્રભાઈ મોદી



તા. ૧૨ મે, ૨૦૧૧ના રોજ ગાંધીનગરમાં પ્રદેશ ભાજપના હોદ્દેદારો, મોરચાના પ્રદેશ પ્રમુખો અને વિવિધ જિલ્લા ઇન્ચાર્જશ્રીઓની બેઠક પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુની અધ્યક્ષતામાં યોજાયેલ. આ બેઠકમાં માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત ભાજપના પ્રભારી શ્રી બલબીરજી પુંજ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં વિવિધ બાબતોની ચર્ચાઓ, થયેલા કાર્યક્રમોની સમીક્ષાઓ, પ્રદેશભરમાં આગામી દિવસોમાં હાથ ધરાનાર પાર્ટીના કાર્યક્રમો તેમજ સંગઠનાત્મક બાબતોની કાર્યવાહી હાથ ધરાઈ.

આ બેઠકમાં ભાજપા સ્થાપના દિન દ્વારા બુથ સુધીની સંગઠનની વિવિધ કાર્યવાહી અને બેઠકો રાજ્યભરમાં યોજાયેલ. સમગ્ર ગુજરાતમાં કેન્દ્રની કોંગ્રેસની સરકારના ભૂકંપસમા ભ્રષ્ટાચારો ખુલ્લા કરવા માટે અને ભ્રષ્ટાચારીઓના વિરોધ માટે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકાઓમાં કાર્યક્રમો યોજાયેલ. આ કાર્યક્રમોમાં ધરણાંઓ, રેલી, સહી ઝુંબેશ, મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને પત્રો, હલ્લાબોલ કાર્યક્રમો વગેરે ભાજપના વિવિધ યુનિટો દ્વારા રાજ્યભરમાં થયેલ. સમગ્ર દેશને શરમજનક સ્થિતિમાં મૂકનાર કોંગ્રેસના ભ્રષ્ટાચારોની વિરુદ્ધમાં આગામી દિવસોમાં રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો ચાલુ રહેશે.

## આપણું ભાજપ આપણા કાર્યક્રમો

ભાજપ દ્વારા રાજ્યભરમાં જિલ્લા કક્ષાના કાર્યકરોના અભ્યાસવર્ગનો પ્રથમ તબક્કો પૂર્ણ થયેલ છે. આગામી બે માસમાં દરેક જિલ્લાઓમાં નગરપાલિકા, તાલુકા પંચાયતમાં ચૂંટાયેલ અને તાલુકા સંગઠનના આગેવાનોના પ્રશિક્ષણ અભ્યાસ વર્ગો હાથ ધરવાનો પણ બેઠકમાં નિર્ણય કરાયેલ છે. સમગ્ર ગુજરાત લક્ષ્યાંક - પૂર્વકનું કાર્યકર્તાઓના સહયોગ સાથે પાર્ટી ચલાવવાનું કાર્ય આજીવન સહયોગ નિધિનું કાર્ય પૂર્ણ થયેલ છે.

સમગ્ર રાજ્યમાં ભાજપાની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા કૃષિ સમૃદ્ધિ દ્વારા ખેડૂતો અને ગામડાં સમૃદ્ધ બન્યાં છે. દેશનું એક માત્ર રાજ્ય ગુજરાત જેનો કૃષિ વિકાસદર સમગ્ર દેશમાં છે. રાજ્યમાં અખાત્રીજે શરૂ થયેલ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં ખેડૂતો અને ગામડાંની સમૃદ્ધિ માટે તેમજ કૃષિ પશુપાલન વિકાસ દ્વારા રાજ્યને આર્થિક સક્ષમ બનાવવા માટે ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા જનભાગીદારી દ્વારા ખેડૂતના ખેતર અને આંગણા સુધી જઈને વિકાસનો ભાગીદાર બને તે માટે પ્રદેશ અધ્યક્ષશ્રીએ બધા જ પદાધિકારીઓને સૂચનાઓ કરેલ છે.

શ્રી બલબીરજી પુંજે રાષ્ટ્રીય રાજનીતિ અને દેશના સાંપ્રત વિષયો અંગે માર્ગદર્શન કરેલ. શ્રી વી. સતીષજીએ સંગઠનમાં પ્રત્યેક પદાધિકારી સ્વયં મૂલ્યાંકન કરે અને મંડળથી પ્રદેશ સુધીની સંકલન સહિતની બેઠકો નિયમિતપણે યોજાય તેવું જણાવેલ.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેઠકનો સમારોપ કરતાં જણાવેલ કે ગુજરાતને અલગ અલગ દૃષ્ટિએ જોનારા વ્યક્તિ અનેક, આપણે વિકાસને વરેલા છીએ અને રાજ્ય સરકાર તેમજ ભાજપ ગુજરાતના વિકાસ માટે કટિબદ્ધ છે ત્યારે કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી અને અન્ય સામાજિક વિકાસનાં કામોમાં કાર્યકર્તાઓ પૂરક બને. ગરીબ ગામડાંમાં હોય કે શહેરમાં તેના સુધી સરકારની યોજના લઈ જવાનું કામ ભાજપના દરેક કાર્યકર્તાઓએ કરવું જોઈએ તો જ ગુજરાત સાચા અર્થમાં સમૃદ્ધ બનશે. રાજ્ય સરકારે જનકલ્યાણ અને જન-સુખાકારીની વિવિધ યોજનાઓ અપનાવેલ છે અને સમગ્ર દેશમાં અનેક યોજનાઓ રોલ મૉડેલ બનેલ છે ત્યારે સૌ સાથે મળીને ગુજરાતને નવી ઊંચાઈઓ આપીએ.

આ બેઠકમાં સંગઠનની વિવિધ સમીક્ષાઓ અને થનાર કાર્યક્રમોની રૂપરેખાઓ નક્કી કરવાનું હાથ ધરાયેલ. પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુએ તાલુકા અને જિલ્લામાં બાકી રહેતા સંગઠનના પદાધિકારીઓનું કામ તેમજ સેલ અને મોરચાઓની રચનાનું કામ દરેક જિલ્લામાં જિલ્લા ઇન્ચાર્જો જઈને સત્વરે પૂર્ણ કરાવે તેમ જણાવેલ.

## સેન્ટ્રલ આયુર્વેદ કાઉન્સિલમાં ભાજપ ડૉક્ટર સેલનો ભવ્ય વિજય

ભાજપ ડૉક્ટર સેલ પ્રદેશ કન્વિનર ડૉ. અનિલભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં ગુજરાત રાજ્યમાં યોજાયેલ સેન્ટ્રલ આયુર્વેદ કાઉન્સિલ (CCIM) ની બે સભ્યો માટેની ચૂંટણીમાં ભાજપ ડૉક્ટર સેલ પ્રેરિત પેનલના ઉમેદવારો ડૉ. ભરત બોધરા (MLA) અને ડૉ. કમલેશ રાજગોરનો ઐતિહાસિક મતોથી ભવ્ય વિજય થયેલ છે. આ બંને ઉમેદવારોએ કુલ મતદાનના ૯૩% કરતાં પણ વધુ મત મેળવીને વિપક્ષી ઉમેદવારોને કારમો પરાજય આપ્યો છે. જે આયુર્વેદ ક્ષેત્રમાં માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપ દ્વારા કરવામાં આવેલ વિકાસ કામગીરીના પ્રતીકરૂપ છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી સેન્ટ્રલ આયુર્વેદ કાઉન્સિલમાં કોંગ્રેસના સમર્થિત ઉમેદવારો હતા, જેઓ ગુજરાત રાજ્યની આયુર્વેદ કૉલેજો માટે અન્યાયી પગલાં ભરી કૉલેજો બંધ કરાવવાનું કાર્ય કરતા હતા, પરંતુ ભાજપ ડૉક્ટર સેલ પ્રેરિત પેનલ કરતાં સેન્ટ્રલ આયુર્વેદ કાઉન્સિલમાં ગુજરાતનો અવાજ વધુ પ્રબળ બનશે, તેમજ રાજ્યમાં આયુર્વેદની ઉન્નતિ માટે અસરકારક રજૂઆત થઈ શકશે એવી લાગણી આયુર્વેદ સ્નાતકોએ વ્યક્ત કરી છે.

ભવ્ય વિજય મેળવેલ બંને ઉમેદવારોને અભિનંદન પાઠવી રાજ્યના તમામ આયુર્વેદ સ્નાતક પ્રેક્ટિસનર્સ મતદારોનો આભાર પ્રગટ કરેલ છે.

## ગુરુજનોની શક્તિ ભારતના નિર્માણનો તેમજ પ્રગતિનો આધાર બનશે

ભારતીય જનતા પાર્ટીના શિક્ષણ સેલ દ્વારા આયોજિત 'સ્વર્ણિમ ગુજરાત-દિશા સ્વર્ણીમ ભારતની' વિષયના વ્યાખ્યાનનું રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણમંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. તેઓશ્રીએ ઉદ્‌ઘાટન પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રગતિમાં શિક્ષકોનું વિશેષ યોગદાન રહેલ છે. ગુજરાતની ગુરુજનોની શક્તિ ભારતના નિર્માણનો તેમજ પ્રગતિનો આધાર બનશે.

તેઓએ ચાણક્યના વિધાન 'मैं एक शिक्षक हूं, समाज और राष्ट्र के निर्माण के बारे में मुझे सोचना है'ને ગુજરાતના શિક્ષણજગત સાથે સંકળાયેલા સૌ આત્મસાત્ કરી સમાજના સાચા નાગરિકો શાળા-મહાશાળામાં નિર્માણ કરે તેવો અનુરોધ કર્યો હતો.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પંચશક્તિનો લાભ જન-જનને મળી રહ્યો છે. સર્વાંગીણ વિકાસના સ્વપ્નદૃષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહેલી ગુજરાતની વિકાસયાત્રાને વધુ ગતિથી રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાનું મહત્ત્વનું અંગ શિક્ષકસમુદાયને ગણાવી તેઓના હકારાત્મક અભિગમને બિરદાવ્યો હતો.

'સ્વર્ણિમ ગુજરાત - દિશા સ્વર્ણીમ ભારતની' વ્યાખ્યાના મુખ્ય વક્તા શ્રી કિશોરભાઈ મકવાણાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સુવર્ણયુગનો પ્રારંભ થયો તેના પાયામાં પંચશક્તિ રહેલ છે. ગુજરાતના સુવર્ણયુગની અનુભૂતિ સમગ્ર દેશ કરી રહ્યો છે. ગુજરાતનો પ્રકાશ સમગ્ર ભારતમાં ફેલાય તેવી દેશવાસીઓની અપેક્ષા છે.

ગુજરાતની સરકાર છેવાડાના માનવીના ઉત્થાન માટે કાર્ય કરી રહી છે. ગરીબ, મધ્યમ અને ધનિક તમામ વર્ગને પ્રગતિના પંથે આગળ ધપાવી રહી છે. સરકારના કાર્યક્રમમાં સમાજનું યોગદાન એ સૌના વિકાસની અનુભૂતિ કરાવે છે. ગુજરાત અનેક ક્ષેત્રોમાં સમગ્ર દેશ માટે આધારસ્તંભ બન્યું છે. ગુજરાતની આ 'આગે કદમ યાત્રા' એ દેશની વિકાસયાત્રા બનશે તેનું અનેક ઉદાહરણો દ્વારા માર્ગદર્શન આપ્યું હતું.

વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં સંયોજક શ્રી જગદીશભાઈ ભાવસારે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રાસ્તવિક પ્રવચન શિક્ષણ સેલના કન્વિનર પ્રો. સી. એમ. પટેલે કર્યું હતું. ગુજરાત પ્રદેશ ડૉક્ટર સેલના કન્વિનર તેમજ સેલના સહ પ્રભારી ડૉ. અનિલ પટેલે વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. સંચાલન મીડીયા સેલના સહકન્વિનર ડૉ. હર્ષદભાઈ પટેલે કર્યું હતું.

આ પ્રસંગે શ્રી જગદીશ કવિ દ્વારા ગુજરાત ગાન કરાયું હતું. વ્યાખ્યાનમાળામાં મહાનગરના ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા, પૂર્વ ડેપ્યુટી મેયર ડૉ. કલ્પનાબેન ભટ્ટ સહિત શિક્ષણજગતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પ્રદેશ મિડિયા સેલના સહ કન્વિનર તરીકે ડૉ. હર્ષદ પટેલ

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી આર. સી. ફળદુની સૂચનાથી પ્રદેશ મીડીયા સેલના સહ કન્વિનર તરીકે ડૉ. હર્ષદ પટેલની તેમજ ઝોન કન્વિનર (ઇન્ચાર્જ) તરીકે નીચે મુજબના નામની જાહેરાત કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર ઝોન : શ્રી રાજુભાઈ ધ્રુવ
ઉત્તર ઝોન : શ્રી રાજુભાઈ ભટ્ટ
મધ્ય ઝોન : શ્રી મેહુલભાઈ ઝવેરી
દક્ષિણ ઝોન : શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા

## ભાજપ શાસિત અમરેલી જિલ્લા પંચાયતનું આગવું પગલું - ખુલ્લી જિલ્લા પંચાયત કારોબારી

વંદે માતરમ્ સાથે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં પંચાયતી રાજની સ્થાપના પછી અમરેલી જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક તા. ૧૭-૨-૧૧ના રોજ બપોરના ૩-૦૦ કલાકે અમરેલી જિલ્લા પંચાયતના ખુલ્લા કમ્પાઉન્ડમાં જિલ્લાભરના આગેવાનો, કાર્યકરો અને અરજદારોની રજૂઆતો ધ્યાને લેવા કોઈપણ જાતના જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર મળેલ હતી.

રાજ્ય સરકારનો મુખ્ય અભિગમ પારદર્શક અને લોકાભિમુખ વહિવટી કાર્યશૈલીનો પરિચય કરાવવા તથા આપણી સરકારના કર્તવ્યનિષ્ઠ કાર્યના અદના આદમી છેવાડાના વસતા નાનામાં નાના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને મળતી સેવાઓના લાભો, રાજ્ય સરકારની વિવિધ પ્રકારની યોજનાઓનો શું અને કયા લાભો કેવી રીતે મળે તેની જાણકારી લોકોને મળે તે હેતુસર આ આયોજન કરવામાં આવેલ હતું.

તાજેતરની સ્થાનીય સ્વરાજની ચૂંટણીમાં ચૂંટાયેલ સભ્યશ્રીઓની લોકો પ્રત્યેની કામ કરવાની જવાબદારી તથા પારદર્શક વહીવટ ચલાવા માટેનો અભિગમ આપણા રાજ્યનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. જિલ્લાના સતત વિકાસના સહભાગી અને ચિંતક રાજ્યસભાના સભ્ય અને સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા સાહેબ અને માન. કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી અને પક્ષના આગેવાનોના માર્ગદર્શન મુજબ લોકોના જટીલ પ્રશ્નોનો સરળતાથી ન્યાય મળે તેને અનુરૂપ ઉપરોક્ત તારીખે ખુલ્લી કારોબારી સમિતિમાં આયોજન કરી જરૂરિયાતમંદોને આમંત્રણ આપી લોકોને પોતાના પ્રશ્નો સાથે રજૂઆત કરવા આહ્વાન આપવામાં આવેલ, જેનો ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે અને વિશાળ સંખ્યામાં લોક રજૂઆત માટે એકત્રિત થયા હતા.

આપણી રાજ્ય સરકારશ્રીના પારદર્શક વહીવટની લોકોને જાણકારી મળે અને તેનો અમલ વાયદાથી નહી પરંતુ સ્થળ ઉપર જ પ્રશ્નોનો નિકાલ થાય તેવા અભિગમ સાથે નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવેલ હતા. પ્રવર્તમાન સંજોગો પ્રમાણે કેન્દ્રની સરકારે ભ્રષ્ટાચારની ચરમ સીમા વટાવી છે ત્યારે ગુજરાત રાજ્યના લોકોને મળતા વિવિધ યોજનાઓના લાભો, અને સરકારશ્રી તરફથી ગુજરાતનો વિકાસ કરવા સિવાય અન્ય કામગીરી તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવે છે, તેની જાણકારી માટે જાણે કેન્દ્ર સરકાર બેવડી નીતિને સ્પર્ધામાં ઉતારતી હોય તેવું પ્રતીત થતાં તેની જાણકારી અર્થે તથા અમરેલી જિલ્લાના મહાનુભાવોના માર્ગદર્શન તળે સ્પષ્ટવક્તા તરીકે કામગીરીના શ્રી ગણેશ કરેલ છે.

(૧) ગુજરાતમાં સૌ પ્રથમ ખેતીની જમીન બીનખેતીમાં ફેરવવાની યોજનાનો તત્કાલ અમલ કરતી અમરેલી-જિલ્લા પંચાયત (૩૦ દિવસમાં બીનખેતી) અને તેમાં કુલ ૧૧ કેસોનો જેમાં કુલ ૧,૨૪,૯૬૦ ચો.મી. જમીન બીનખેતીમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

(૨) ગ્રામ્ય વિસ્તારના રસ્તા બાંધકામ માટે કુલ ૨૩ કામો રૂા. ૧૯ કરોડનાં મંજૂર કરવામાં આવ્યાં.

(૩) નાની સિંચાઈ યોજનાના વિકાસકામો માટે રૂા. ૧૧૦ કરોડની મંજૂરી આપવામાં આવે.

(૪) ૧૩મા નાણા પંચના (વર્ષ ૨૦૧૦-૧૧) કુલ ૭૬ કામો રૂા. ૧.૧૫ કરોડ ઉપર મંજૂરીની મહોર મારવામાં આવેલી હતી.

(૫) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાનું વાર્ષિક બજેટ વર્ષ ૨૦૧૧-૧૨નું રૂા. ૩૮.૮૨ કરોડનું મંજૂર કરવામાં આવ્યું હતું.

●

## ગુજરાતનો વાર્ષિક પેટ્રોલ વપરાશ ૧૩૮ કરોડ લીટર અને ભાવવધારાનો બોજ રૂા. ૭૨૫ કરોડ

# રાતોરાત પેટ્રોલમાં અભૂતપૂર્વ ભાવવધારો કરીને કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે મોંઘવારીમાં પીસાતી જનતાના વિશ્વાસનો સરેઆમ દ્રોહ કર્યો છે

## મોંઘવારી ડામવામાં ઘોર નિષ્ફળ કેન્દ્ર સરકાર માત્ર સત્તાસુખમાં રાચીને અણઘડ નીતિઓનો બોજ જનતા ઉપર નાંખે છે

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ અને નાણા રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે પેટ્રોલમાં લીટર દીઠ રૂપિયા પાંચનો ભાવવધારો રાતોરાત ઝીંકી દઈને યુ.પી.એ. સરકારે કાળઝાળ મોંઘવારીમાં પીડાતી સામાન્ય જનતા ઉપર કમરતોડ પ્રહાર કર્યો છે એવો આક્રોશ વ્યક્ત કરીને પેટ્રોલના ભાવમાં પાંચ રૂપિયાના તોતિંગ વધારાનો ભોગ બનેલી જનતાની લાગણીનો પ્રતિઘોષ પાડ્યો છે.

રાતોરાત પેટ્રોલનો આટલો અભૂતપૂર્વ ભાવવધારો ઝીંકી દઈને કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે જનતાના વિશ્વાસનો સરેઆમ દ્રોહ કર્યો છે એમ સ્પષ્ટપણે જણાવતાં રાજ્યના પ્રવક્તા મંત્રીશ્રીઓએ પેટ્રોલિયમ પેદાશોના ભાવવધારા માટે યુપીએ સરકાર પોતાનો સ્વાર્થ સાધવાની તક જોઈ રહી હતી અને આંતરરાષ્ટ્રીય બજારોના ક્રુડના ભાવોનું બહાનું આડે ધરીને ઓઇલ કંપનીઓને જનતા ઉપર બોજ વધારવા મોકળું મેદાન આપ્યું તેને યુપીએની અણઘડ નીતિ ગણાવી હતી.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે પેટ્રોલના ભાવમાં લીટર દીઠ ગુજરાતની

## દિલ્હી અને મુંબઈમાં કોંગ્રેસ શાસિત રાજ્યોને જે ભાવ-ફોર્મ્યુલાથી સીએનજીનો ગેસ અપાય છે તે ભાવે ગુજરાતને કેમ નહીં ?

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ અને ઊર્જા રાજ્ય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ સી.એન.જી. ગેસના ભાવમાં થયેલા વધારા માટે કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુ.પી.એ. સરકારની સી.એન.જી. ગેસની ફાળવણી અને ભાવો બાબતમાં ગુજરાતની ભાજપા સરકારને હળાહળ અન્યાય કરતી બેધારી નીતિને સીધી જવાબદાર ગણાવી છે અને જણાવ્યું છે કે સી.એન.જી.ના ભાવવધારા માટે માત્ર ને માત્ર કેન્દ્રની કોંગ્રેસશાસિત સરકાર જ જવાબદાર છે અને ગુજરાત સરકારની કોઈ જ નિયંત્રણ કે ભૂમિકા નથી તેમ છતાં કોંગ્રેસ તેની કોંગ્રેસ શાસિત કેન્દ્ર સરકારને બચાવવા ઢાંકપિછોડો કરવા હળાહળ જૂઠાણું ફેલાવી રહી છે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે કેન્દ્રની આઈઓસી, બી.પી.એલ. અને એચ.પી.સી.એલ. પેટ્રોલ કંપનીઓએ ઓઈલ માર્કેટીંગ કંપનીઓના નામે સીએનજી ગેસના ભાવમાં કિલોગ્રામ દીઠ રૂા. ૧.૧૫ના ભાવમાંથી રૂા. ૧.૭૮ ભાવવધારો કર્યો છે જે ભાવવધારાની સીધી અસર સીએનજી ગેસ વાપરનાર ગુજરાતના વાહનચાલકો ઉપર થતાં બોજ વધ્યો છે. આ ભાવવધારો તેના વિતરકોના કમિશન માટે જ કરવામાં આવ્યો છે. હકીકતમાં કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારે છેલ્લા ૧૯ મહિનામાં ૧૯ વખત સીએનજી ગેસના ભાવો ઉત્તરોત્તર વધારી દીધા છે જે આ સાથેના કોઠામાંથી પુરવાર થાય છે.

સીએનજી ગેસની ફાળવણીમાં એકમાત્ર ગુજરાત સરકારને અન્યાય કરતી કેન્દ્ર સરકારને ભાવવધારા માટે દોષિત ઠેરવતાં પ્રવક્તા મંત્રીશ્રીઓએ એમ પણ જણાવ્યું કે કેન્દ્ર સરકારની કંપની પેટ્રોનેટ માત્ર ગુજરાત સરકારને ભારતનો સીએનજી ગેસ ફાળવવાને બદલે આયાતી ગેસ ફાળવે છે જેની પણ ભાવવધારા ઉપર સીધી અસર થાય છે. ગુજરાતને કેન્દ્ર પેટ્રોનેટ એલએનજીનો આયાતી ગેસ મોંઘા ભાવે શા માટે લેવાની ફરજ પાડવામાં આવે છે ?

આ ઉપરાંત કેન્દ્ર સરકાર મુંબઈ-મહારાષ્ટ્ર અને દિલ્હીની કોંગ્રેસ શાસિત સરકારોને એપીએમ ફોર્મ્યુલાના સસ્તા ભાવે સીએનજી ગેસ આપે છે તેમ ગુજરાત સરકારને કેમ આપવા તૈયાર નથી ? તેવો વેધક પ્રશ્ન પણ પ્રવક્તા મંત્રીશ્રીઓએ ઉઠાવ્યો છે અને જણાવ્યું છે કે જો કેન્દ્ર સરકાર ગુજરાતને પણ મુંબઈ અને દિલ્હીની સરકારોને એડ્મિનિસ્ટ્રેટીવ પ્રાઈઝ મિકેનિઝમ ફોર્મ્યુલા તથા કે. જી. બેસિનની ફોર્મ્યુલાથી સીએનજી ગેસના ભાવે ફાળવણી કરે તો ગુજરાત સરકાર સીએનજીના પ્રવર્તમાન ભાવોમાં આજે પણ ૩૦ ટકા ઘટાડો કરવા તત્પર છે.

ગુજરાતના કોંગ્રેસ આગેવાનોનું કેન્દ્રની પોતાના જ પક્ષની સરકારમાં કાંઈ જ ઉપજતું નથી ત્યારે કોંગ્રેસના આગેવાનો ખોટા અને હળાહળ જૂઠાણાની નિવેદનબાજી કરવાને બદલે ગુજરાતના સીએનજી ગેસ વાપરનારા વાહનચાલકોના હિતમાં કેન્દ્ર સમક્ષ સાચી હકીકતો રજૂ કરવાની હિમ્મત દાખવે અને રાજકીય રોટલા શેકવાની માનસિકતા છોડે તો પણ ગુજરાતના હિતમાં ગણાશે.

## લોકશાહીને તાનાશાહીમાં ફેરવવાનો ભારદ્વાજનો પ્રયાસ

દેશમાં પાંચ રાજ્યોની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આસામ અને કેરાલામાં થોડોક સારો દેખાવ કરનાર કોંગ્રેસ પાર્ટી સમગ્ર દેશમાં તેનું સુકાન આવી ગયું હોય તેમ વર્તીને વિરોધપક્ષની લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારો અસ્થિર કરવાના પેંતરા રચે તે ખેદજનક અને ધિક્કારજનક છે.

કર્ણાટકમાં ભાજપાના શ્રી યદુરપ્પાજીની સરકારને ૧૨૨ વિધાનસભ્યોનો ટેકો છે. સરકારને તાજેતરમાં યોજાયેલી ત્રણ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં જ્વલંત વિજય મળ્યો છે. સરકાર સમાજ ઉપયોગી અને વિકાસલક્ષી અનેક કાર્યો કરી રહી છે તેને રાજ્યપાલ શ્રી ભારદ્વાજ અસ્થિર કરવાના છાસવારે પેંતરા રચે છે તે રાજ્યપાલની ગરિમાને લાંછન લગાડવા સમાન બાબત છે.

રાજ્યપાલ શ્રી ભારદ્વાજે કેન્દ્રના કોઈ નેતાના ઈશારે આ રમત રમવાનું ચાલુ કર્યું છે કે સ્વયં ગવર્નર હાઉસમાં રાજકારણ રમી રહ્યા છે તે પેચીદો પ્રશ્ન બની ગયો છે. કેન્દ્રમાં ભાજપાના નેતૃત્વમાં એન.ડી.એ. ૬ વર્ષ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં હતાં ક્યારેય વિરોધી સરકારોને રાજ્યપાલના પદનો ઉપયોગ કરી અસ્થિર કરવાનાં ષડયંત્ર રચ્યાં નથી. કોંગ્રેસ પાર્ટીની હંમેશા મથરાવટી મેલી રહી છે. વિકાસ કોંગ્રેસને પચતો નથી. વિવાદ તેનો પર્યાય છે. દેશનો ગરીબ સુખી ન થાય, દલિત-લઘુમતી વિકસિત ન થાય તે તેની કાર્યપદ્ધતિ રહી છે. માત્ર ને માત્ર મતની રાજનીતિ ચલાવવી તેનું લક્ષ્ય રહ્યું છે. વિકાસના માર્ગે ચાલી રહેલી સરકારોને પહોંચવાની કોંગ્રેસની તાકાત પણ નથી.

## કર્ણાટકના રાજ્યપાલને હટાવવા માંગ

રાજ્યના મહત્ત્વના પદ એવા ગવર્નરની પ્રતિષ્ઠાને ઝંખપ લગાવવાનું કાર્ય કર્ણાટકના રાજ્યપાલે કર્યું છે. ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત એન.ડી.એ.ના નેતાઓએ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ મહોદયાને પત્ર પાઠવી અને રૂબરૂ મળીને લોકશાહી શાસન વ્યવસ્થાને ગળે ટૂંપો દેવા પ્રયત્નશીલ કર્ણાટકના રાજ્યપાલને દિલ્હી પરત બોલાવવા માંગણી કરી છે. દેશમાં કોંગ્રેસ વિરોધી મુખ્ય રાજકીય પાર્ટીની વિકાસના માર્ગે અને સમાજકલ્યાણના માર્ગે આગળ વધી રહેલી સરકારને હટાવી રાષ્ટ્રપતિશાસન લાદવાની ભલામણ ગવર્નર કયાં તોફાનો કે અવ્યવસ્થાને આધારે કરી શકે ? આ પ્રકારનો મુદ્દો ન્યાયવિદોએ અને રાજકીય આગેવાનોએ ઉઠાવ્યો છે. ગવર્નર હાઉસ એ રાજકીય હિસાબ-કિતાબ પતાવવા માટેનું સ્થાન નથી. બંધારણીય મર્યાદાઓમાં રહીને ગવર્નર હાઉસે પોતાનો વ્યવહાર અને વર્તન કરવું જોઈએ. સમગ્ર દેશમાં કર્ણાટકના મુદ્દે જાહેર જીવનની વ્યક્તિઓનો આ મત બહાર આવ્યો છે અને વડાપ્રધાન તેમજ કેન્દ્રીય કેબિનેટે આ મતને સન્માન આપવું પડ્યું છે. આ સંજોગોમાં લોકશાહી શાસન વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ઊભો કરનારને પદ પર ચાલુ રાખી શકાય નહિ. કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી યદુરપ્પાજી અને ભાજપા પાર્ટીએ જંગ પ્રારંભ કર્યો છે. વિધાનસભાનું સત્ર બોલાવી બહુમતી પુરવાર કરવાની વાત કરી છે અને રાષ્ટ્રપતિ મહોદયા સામે ૧૧૬ ધારાસભ્યોની પરેડ કરાવી છે તેમ છતાંય રાજ્યપાલનું માનસ પરિવર્તન થતું નથી.

## કોંગ્રેસ - કનિમોઝી - કલમાડી - એ. રાજાનો ભ્રષ્ટાચાર

સ્વ. રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે બોફોર્સની તોપની ખરીદીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ પ્રધાન સ્વ. વી.પી.સિંહ આ કથિત ભ્રષ્ટાચાર સામે સત્તાનો ત્યાગ કરી સમગ્ર રાષ્ટ્રમાં ભ્રમણ માટે નીકળ્યા હતા અને સ્વ. રાજીવ ગાંધીના શાસનનો અંત આણીને વડાપ્રધાનપદે આરુઢ થયા હતા. કોંગ્રેસ પાર્ટી અને ભ્રષ્ટાચાર એકબીજાના પર્યાય બની ગયા છે.

કોમનવેલ્થ ગેમ્સમાં સુરેશ કલમાડીનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો છે. ૨-જી સ્પેક્ટ્રમ કૌભાંડ આચરનાર એ. રાજા દુનિયાનો બીજા નંબરનો ભ્રષ્ટ વ્યક્તિ છે તેવું ટાઈમ મેગેઝિને બહાર પાડ્યું છે. તામિલનાડુના કરુણાનિધિ કે જે યુ.પી.એ. સરકારના સહયોગી છે તેમની દીકરી કનિમોઝી પણ આ ૨-જી સ્ટ્રેક્ટમ કૌભાંડમાં મહેલની જગ્યાએ તિહાર જેલમાં ગયાં છે. તામિલનાડુની જનતાએ કોંગ્રેસ અને ડી.એમ.કે.ને ભ્રષ્ટાચારનો હિસાબ કચકચાવીને ચૂકવી દીધો છે. તેમ છતાંય પ્રણવ મુખર્જી પત્રકાર-પરિષદ યોજીને ભાજપાને શિખામણ આપી રહ્યા છે. બંગાળમાં મમતા બેનર્જીનો વિજય છે અને તામિલનાડુમાં ભ્રષ્ટ કોંગ્રેસ અને કરુણાનિધિનો પરાજય છે તે પ્રણવ મુખર્જીએ સ્વીકારવું જોઈએ. ભાજપાએ પાંચેય રાજ્યોમાં પોતાની વિચારયાત્રાનો મોટી માત્રામાં બેઠકો લડાવી પાયો નાંખ્યો છે. ભાજપાએ વાવેલાં બીજ આવનારા ભવિષ્યમાં વૃક્ષ બનીને આ રાજ્યોમાં વિસ્તાર પામશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## આમ આદમીને નિચોવી નાંખતી મોંઘવારીની જનેતા કોંગ્રેસ

દેશમાં આઝાદી પછી જ્યારે જ્યારે ખુરશીનો મોહ ધરાવનાર કોંગ્રેસ સત્તામાં આવી છે ત્યારે અછત, કાળાબજાર અને મોંઘવારી દશ્યમાન થયા વગર રહી નથી. આ દેશની પ્રજાને જનતાપાર્ટીના સ્વ. મોરારજીભાઈ દેસાઈએ પ્લાસ્ટિકના ભારોભાર ખાંડ અને ૫ રૂા. કિલો તેલ ખવડાવ્યું છે. અરે ! ભાજપાના નેતૃત્વમાં કાર્યરત એન.ડી.એ. સરકારમાં પણ સસ્તું, સારું અને માંગો ત્યારે ઉપલબ્ધ ચીજવસ્તુઓનું વાતાવરણ હતું. એન.ડી.એ.માં છત દશ્યમાન હતી અને યુ.પી.એ.માં અછત દશ્યમાન થાય છે. અરે, મોંઘવારીએ તો માઝા મૂકી છે. પેટ્રોલ-ડિઝલ અને ગેસના બાટલાના ભાવોમાં આ નફ્ફટ સરકાર છાસવારે વધારો કરી રહી છે. દેશના અર્થતંત્રને ધમધમતું રાખવામાં વાહન વ્યવહાર મહત્ત્વનું માધ્યમ છે. આ વાહન વ્યવહાર માટે પેટ્રોલ-ડિઝલ આવશ્યક ઈંધણ છે. આઠ મહિનામાં ૯ વાર પેટ્રોલના ભાવોમાં વધારો કરીને કોંગ્રેસ પાર્ટીએ આમઆદમીને નિચોવી નાખ્યો છે. મધ્યમવર્ગને મુશ્કેલીમાં મૂક્યો છે અને સાર્વત્રિક ભાવવધારાને વ્યાપ્ત કર્યો છે. ભાજપા દ્વારા સમગ્ર દેશમાં કોંગ્રેસની મોંઘવારી વધારવાની નીતિની સામે આંદોલન થઈ રહ્યું છે. કોંગ્રેસ પાર્ટીને જન-જનમાં આ મુદ્દાને લઈને ભાજપાના કાર્યકરોએ ખુલ્લી પાડવી જોઈએ તે સમયની જરૂરિયાત છે. આવનારી ચૂંટણીઓના પડકારમાં અપેક્ષિત પરિણામ મેળવવા માટેનો આધાર બનાવવા ચર્ચાઓમાં આ મુદ્દાને ચગાવવો જોઈએ.

## હતાશ કોંગ્રેસનાં અછકલાપણાં

ભાજપાની ગુજરાત સર્વાંગિણ વિકાસનો મંત્ર લઈને કાર્યરત વિકાસના ભેખધારી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મહાત કરવાની ક્ષમતા કોંગ્રેસના ગુજરાતના તો શું દેશના નેતાઓમાં પણ રહી નથી. આ પરિસ્થિતિમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા અછકલાપણા અને સસ્તી પ્રસિદ્ધિના પેંતરા કરવામાં આવી રહ્યા છે. આ સસ્તી પ્રસિદ્ધિના પેંતરાનાં કેટલાંક ઉદાહરણો આ રહ્યાં, તેના પરથી ખ્યાલ આવે તેમ છે.

ગોધરા ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ કૃષિ-મહોત્સવનો લાભ લઈને રાજ્યનો કિસાન આજે આર્થિક રીતે સુખીસંપન્ન થઈ રહ્યો છે. ગુજરાતનું કૃષિ-ઉત્પાદન વધ્યું છે. કિસાનો ખુશખુશાલ છે. કોંગ્રેસને આ દુઃખ પહોંચાડે છે. કિસાનોના હિતના કાર્યક્રમમાં દાહોદના સાંસદે સ્ટેજ પર ડ્રામા કર્યો અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવાનો પ્રયાસ કર્યો. ભિલોડામાં જનસેવા કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે 'મને પહેલાં બોલવા દો'નું છાસિયું સ્થાનિક કોંગ્રેસી ધારાસભ્યે કર્યું. આ અગાઉ ડભોઈમાં વિકાસકાર્યના લોકાર્પણ પ્રસંગે સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્યએ નાટક કર્યું. કોંગ્રેસ પાર્ટીને ગુજરાતની આ વિકાસયાત્રા પચતી નથી તેના આ કેટલાક નમૂનાઓ છે. કોંગ્રેસ હતાશ થયેલી છે. સમાજમાં તેનો આધાર ઘટી ગયો છે ત્યારે આ પ્રકારનાં અછકલાપણાં કરી સ્થાન બનાવવા પોતાના કેટલાક સાથીઓને લઈને પ્રયાસ કરે છે. ભાજપા પાસે તો વિકાસનાં કામોની અને સેવાનાં કામોની લાંબી યાદી છે. મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતમાં સત્તાનાં સુકાન છે. આ સત્તાનાં કેન્દ્રોના જન-જનની સેવામાં વધુ સક્રિયતાથી ઉપયોગ કરી 'જહાં કામ વહાઁ હમ'ના સૂત્રને સાર્થક કરવાના કામમાં લગાવવાની જરૂરિયાત છે. સમાજ સત્યને સાથ આપી આ અછકલાપણા કરનારાને ભોંયભેગા કરી દેશે તે પણ એટલું જ નિર્ધારિત છે.

જનતાને રૂા. ૫.૨૫ પૈસા (સવા પાંચ રૂપિયા)નો અસહ્ય બોજ વેઠવા વારો આવ્યો છે. ગુજરાતમાં પેટ્રોલ વાહનચાલકો દ્વારા માસિક ૧૧.૫૦ કરોડ લીટર પેટ્રોલનો વપરાશ છે જે વર્ષે આશરે ૧૩૮ કરોડ લીટર થવા જાય છે. આમ પણ ગુજરાતની આર્થિક વિકાસની ગતિ જોતાં પેટ્રોલ વાહનોનો વપરાશ વધતો જ રહ્યો છે અને હવે સવા પાંચ રૂપિયે લીટર દીઠ ભાવવધારો ઝીંકાતાં ગુજરાતની પ્રજા ઉપર પેટ્રોલ વપરાશનો વધારાનો બોજ જ રૂા. ૭૨૫ કરોડ અચાનક આવી પડ્યો છે. ગુજરાતની જનતામાં કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકાર પ્રત્યે મોંઘવારીના માર ઉપરાંત પેટ્રોલના અભૂતપૂર્વ ભાવવધારાથી જે તીવ્ર આક્રોશ જાગી ઊઠ્યો છે તેની પીડામાં ગુજરાત સરકાર પણ સંવેદનાથી સહભાગી છે અને વર્તમાન ભારત સરકારની પેટ્રોલિયમ એનર્જીની અણઘડ નીતિનો ભોગ સામાન્ય જનતા બની રહી છે તેની સત્તાસુખમાં જ રાચતી યુપીએ સરકારને

કોઈ પરવા નથી તે આ પેટ્રોલના ભાવવધારાએ ફરી એકવાર પુરવાર કરી દીધું છે.

શ્રી જયનારાયણ વ્યાસ અને શ્રી સૌરભભાઈ પટેલે એમ પણ જણાવ્યું કે, ગુજરાત દેશના પેટ્રોલિયમ એનર્જી સંસાધનોમાં સૌથી મોટો ફાળો આપતા ગુજરાતના વાહનચાલકોને જ અન્યાય કરવાની પ્રતિબદ્ધતા દાખવનારી યુ.પી.એ. સરકારે અમદાવાદમાં સી.એન.જી.નો ભાવ દિલ્હી અને મુંબઈ કરતાં પણ રૂા. ૭.૨૮ પૈસા વધારે નક્કી કરીને હજારો ગરીબ રિક્ષાચાલકો સહિત સી.એન.જી. વાપરનારા વાહનચાલકો ઉપર વધારાનો બોજ ઝીંકેલો છે. એક બાજુ કાળઝાળ મોંઘવારીમાં પીસાતી દેશની જનતા વધતી જતી ભાવસપાટી કાબૂમાં લેવાની કેન્દ્રની યુપીએ સરકારની ઘોર નિષ્ફળતાથી ત્રાહિમામ્ છે, બીજી બાજુ ભ્રષ્ટાચારથી કેન્દ્રની સરકારે દેશની આબરૂ ધૂળમાં મેળવી દીધી છે અને ત્રીજી બાજુ અણઘડ અને અવિચારી નીતિથી પેટ્રોલના ભાવમાં આટલો જબ્બર ભાવવધારો સામાન્ય જનતાની ઉપર કેવો ત્રાસ વર્તાવશે તેનો આક્રોશ જનતા દ્વારા વ્યક્ત થશે તેનો સામનો કરવાનું કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારને ભારે પડી જવાનું છે, કારણ કે પેટ્રોલના ભાવવધારાની પરોક્ષ અસરો સાર્વત્રિક ભાવસપાટી ઉપર પણ પડવાની છે જેનો ભોગ પણ જનતા જ બનશે એમ પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું છે.

## કપાસ-નિકાસની છૂટ ન આપી કેન્દ્ર દ્વારા અન્યાય

ગુજરાતના કપાસ ઉત્પાદકો હડતાળ પર છે. કેન્દ્રની કોંગ્રેસ પાર્ટી ગુજરાતના કિસાનને કપાસના સારા ભાવ મળે તે માટે રાજી નથી. કપાસની નિકાસને વધારવાની માંગણી કોંગ્રેસ સરકાર સ્વીકારતી નથી અને કિસાનને અન્યાય કરી રહી છે. ગુજરાતનો મહેનતકશ કિસાન આજે પોતાની આગવી શૈલીથી કૃષિમાં કાર્ય કરતો થયો છે અને મબલખ ઉત્પાદન મેળવતો થયો છે તે કોંગ્રેસ પચાવી શકતી નથી. ગુજરાતમાં કૃષિ-ઉત્પાદનમાં થયેલો વધારો દેશના ઉત્પાદનનો ભાગ બને છે તે કોંગ્રેસના નેતાઓ સમજતા નથી. તે જાણી જોઈને આ પ્રકારનો વર્તાવ કરે છે.

ગુજરાત કૃષિ સહિતનાં અનેક ક્ષેત્રોમાં ભારતની રાષ્ટ્રીય આવકને વધારવામાં સહયોગી બને છે. આ ગુજરાત સાથેનું વલણ કેન્દ્રની કોંગ્રેસ સરકાર કેમ બદલતી નથી ? કપાસ-નિકાસના મામલે આંદોલન વધુ તીવ્ર બને તે પહેલાં સરકારે નિર્ણય લેવો જોઈએ.

## કેન્દ્રીય ગૃહમંત્રાલયની આ તે કેવી આંતરિક સુરક્ષા વ્યવસ્થા ?

### કોંગ્રેસ શાસિત કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં આશ્રય લેનારા ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની જાહેર કરેલી યાદીના નામચીન આતંકવાદી વજહુલ ખાન અને ફિરોઝ અબ્દુલખાન હાલમાં ભારતમાં છે !!

પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી આર. સી. ફળદુ તથા વરિષ્ઠ સંસદસભ્યો સર્વશ્રી પુરુષોત્તમ રૂપાલા, વિજયભાઈ રૂપાણી અને ભરતસિંહ પરમારે એક નિવેદનમાં કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુ.પી.એ. સરકારની આંતરિક સુરક્ષાની અને આતંકવાદ સામે લડવાની વ્યૂહરચનાની પોલંપાલનો પર્દાફાશ ફર્યો છે અને જણાવ્યું છે કે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે તાજેતરમાં પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલા ભારતના મોસ્ટ વોન્ટેડ ગુનેગારો અને આતંકવાદીઓની જે યાદી બહાર પાડી છે તેમાંનો એક રીઢો ગુનેગાર નામે વજહુલ ખાન તો મહારાષ્ટ્રના થાણેમાં હાલમાં રહે છે, જેને કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં આશ્રય લેતો બતાવેલો છે ! બીજો ફીરોઝ સીબીઆઈની કસ્ટડીમાં છે.

ભાજપાના આ વરિષ્ઠ આગેવાનોએ જણાવ્યું છે કે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી પી. ચિદમ્બરમ્ પોતે જે સુરક્ષા બાબતોના તંત્રના અધ્યક્ષ છે તે કેટલું બોદું છે તે આ હકીકત સ્વયં સ્પષ્ટ પુરવાર કરે છે.

શું દેશની સુરક્ષા અને નિર્દોષ નાગરિકોના જાનમાલને અસરકર્તા આતંકવાદીઓ સામે લડવા માટે આવી નિષ્કાળજી માફ થઈ શકે ખરી ? એવો પ્રશ્ન ઉઠાવતાં આ ભાજપાના આગેવાનોએ જણાવ્યું છે કે જો ભારત સરકારનું ગૃહમંત્રાલય વજહુલ ખાનને પાકિસ્તાનમાં આશ્રય લેનારા મોસ્ટ વોન્ટેડ ગુનેગાર આતંકવાદી ગણાવતું હોય તો આવા ગુનેગારની બાબતનો ટ્રેક રેકોર્ડ રાખવામાં ગૃહ મંત્રાલયની એજન્સીઓની ઘોર નિષ્ફળતા જ પુરવાર થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ નિષ્ફળતા માટેની જવાબદારી લેવી જોઈએ અને આતંકવાદને ડામવા માટેની નિવેદનબાજીને બદલે દેશની જનતાને વિશ્વાસ બેસે એવી જડબેસલાક આંતરિક સુરક્ષાની વ્યવસ્થાની પ્રતીતિ કરાવવી જોઈએ. અન્યથા ક્રોસ બોર્ડર ટેરરીઝમ અને આતંકવાદીઓના ભારતના આશ્રયદાતાઓનાં ષડયંત્રોનો ભોગ ભારતની નિર્દોષ પ્રજા બનશે. આતંકવાદ સામે Zero Toleranceની નીતિ કેન્દ્રની કોંગ્રેસ સરકાર કેમ અપનાવતી નથી તેની વિમાસણ દેશના સામાન્ય નાગરિકને થાય છે તેનો કોઈ પ્રતીતિકારક ભરોસો કેન્દ્ર સરકાર કે તેના ગૃહમંત્રીશ્રી આપી શકતા નથી એમ પણ તેમણે જણાવ્યું છે.

## વિશ્વકક્ષાનો મેરીટાઈમ પાર્ક ગુજરાતમાં ભરૂચ જિલ્લાના દરિયાકાંઠે આકાર લેશે

# આજથી બસો વર્ષ પહેલાં ગુજરાતીઓએ વિશ્વને પોતાનું ઘર બનાવ્યું હતું હવે વિશ્વ આખું ગુજરાતને પોતાનું ઘર બનાવશે



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિશ્વકક્ષાનો મેરીટાઈમ પાર્ક ભરૂચ જિલ્લાના દરિયાકાંઠે સ્થાપવાની જાહેરાત કરી હતી.

મધ્ય ગુજરાતના દહેજ SEZમાં ડેનમાર્કની રોક્ષુલ રોકવુડ કંપનીના રૂા. ૧૫૯ કરોડના મૂડીરોકાણથી માત્ર ૧૫ મહિનાના ગાળામાં જ કાર્યાન્વિત થયેલા બાંધકામ ક્ષેત્રે ફાયરસેફ ઈન્સ્યુલેશન મટીરિયલ્સ સ્ટોન વુલના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૂચિત મહત્ત્વાકાંક્ષાની મેરીટાઈમ પાર્કની રૂપરેખા આપતાં જણાવ્યું કે, ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના વિશાળ સમુદ્રકિનારા ઉપર શિપ બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ શિપ રિપેરિંગ ઈન્ડસ્ટ્રીઝના વિકાસનું નવું જ ક્ષેત્ર વિકસાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. દરિયાકાંઠે ભરૂચની ધરતી ઉપર હિન્દુસ્તાનનો સર્વપ્રથમ એવો મેરીટાઈમ પાર્ક વિશ્વકક્ષાનો બનાવવાની નેમ વ્યક્ત કરતાં તેમણે એમ પણ જણાવ્યું કે, વિશ્વ વેપાર અને સામુદ્રિક વેપારનું અર્થતંત્ર ધમધમતું થવાનું છે તેને ધ્યાનમાં લઈને ગુજરાત સમગ્ર દુનિયાની શીપિંગ એન્ડ શીપ બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી વધુ હિસ્સો આપનારું રાજ્ય બનવાની પૂરી સાનુકૂળતા ધરાવે છે. ભરૂચ જિલ્લાની આ ધરતી ઉપર દહેજ મેરીટાઈમ પાર્ક આકાર લેશે ત્યારે ગુજરાતના અનેક ગરીબ યુવાનોને શિપ બિલ્ડિંગ માટેની ટ્રેનિંગ આપીને રોજગારીના કૌશલ્ય સંવર્ધન સાથે મેરીટાઈમ પાર્ક રોજગારલક્ષી વિકાસનું સક્ષમ માધ્યમ બની જશે.

સમગ્ર વિશ્વના સૌથી ઉત્તમ એવા ૨૫ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ ટોપ-૨૫)માં ભારતમાંથી એકમાત્ર ગુજરાતના દહેજ SEZની પસંદગી થઈ છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દુનિયાના વિકસિત દેશો અને સમૃદ્ધ રાષ્ટ્રોના SEZની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા દહેજ-SEZએ પુરવાર કરી છે. 'ટોપ-૨૫ વર્લ્ડ SEZ'ના ઉત્તમ પેરામીટર્સની કસોટીમાંથી પાર ઊતરીને દહેજ SEZ દ્વારા ગુજરાતની વાયબ્રન્ટ ઈકોનોમી, શૂન્ય સપાટીએ પહોંચેલા માનવદિન નુકસાનની સિદ્ધિ, ઊર્જાશક્તિની કાર્યક્ષમતા અને રાજ્ય સરકારના નીતિ નિર્ધારણ પ્રશાસનની દુનિયાને પ્રતીતિ થઈ છે.

દહેજમાં પેટ્રોલિયમ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન (PCPIR) આકાર લઈ રહ્યો છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત ભારતનું પેટ્રોકેપિટલ બની ગયું છે અને ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ ભારતનું અગ્રીમ રાજ્ય બનવાની પ્રતિષ્ઠા મેળવી શક્યું છે તે સંદર્ભમાં દહેજ-PCPIR અને દહેજ-SEZ ભારતના અર્થતંત્રનો મજબૂત આધારસ્થંભ ધરાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠે સામુદ્રિક વિશ્વ વ્યાપારના બંદર આધારિત નવા ગ્રોથ સેન્ટર વિકસી રહ્યા છે તેની રૂપરેખા આપતાં એમ પણ જણાવ્યું કે, ગુજરાત સરકારે ઔદ્યોગિક અને માળખાકીય સુવિધા વિકાસમાં પર્યાવરણની સુરક્ષાને પણ પ્રાધાન્ય આપ્યું છે.

સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગના સંકટની સામે ચિંતાતુર છે ત્યારે ભોગવાદી જીવનશૈલીના કારણે પ્રકૃતિનું શોષણ નહીં પરંતુ પ્રકૃતિનું દોહન કરીને અને કુદરતી સંસાધનોના સુવિચારિત ઉપયોગ માટે આધુનિક ટેક્નોલોજીનો વિનિયોગ કરીને ગુજરાત વિકાસમાં પર્યાવરણની જાળવણી સાથે સુખ-સુવિધામાં ઓટ ના આવે તેવા અભિગમથી માત્ર 'ડેવલપમેન્ટ ગ્રોથ' નહીં પણ ગ્રીન ગ્રોથ ટેક્નોલોજી અપનાવી રહ્યું છે.

ગુજરાતમાં ૧૪ જેટલા વિવિધ SIR (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન) આકાર લઈ રહ્યા છે અને અનેક વિશ્વકક્ષાની કંપનીઓના મૂડીરોકાણ તથા પ્રોજેક્ટ આવી રહ્યા છે ત્યો ગ્રીન ટેક્નોલોજી અને ગ્રીન એનર્જી સેવિંગની દિશામાં ગુજરાતે અનેક ઈકોફ્રેન્ડલી એનવાયર્નમેન્ટના

આયામો અપનાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ડેન્માર્કની રોકવુલ ગ્રુપ કંપનીના આ એનર્જી એફિસિયન્ટ ઈન્સ્યુલેશન પ્લાન્ટને ગ્રીન કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીના ઈકોફ્રેન્ડલી ઈન્ડસ્ટ્રીયલ યુનિટ તરીકે આવકારતાં જણાવ્યું કે, ગુજરાતે ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે બિન પરંપરાગત ઊર્જાસ્રોતો અને વિશેષ કરીને સૌરઊર્જા, પવનઊર્જા અને બાયોમાસ એનર્જીના વિકાસ માટેની ઉત્તમ પ્રોત્સાહક નીતિઓ અમલમાં મૂકી છે અને વિશ્વનો સૌથી મોટો સોલાર એનર્જી પાર્ક પણ ગુજરાતની ધરતી ઉપર આકાર લઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના દરિયાકાંઠા ઉપરના ઔદ્યોગિક અને માળખાકીય વિકાસની અસીમ સંભાવનાનો ઉલ્લેખ કરી ઉદ્યોગો માટે પાણીની આવશ્યકતાની પૂર્તિ કરવા સૂર્યઊર્જા અને પવનઊર્જા શક્તિ આધારિત દરિયાના પાણીમાંથી મીઠા પાણી રૂપાંતરના સી-વોટર ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની પ્રોત્સાહક નીતિનો પણ નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર સી-વોટર ડિસેલીનેશન પ્લાન્ટ સોલાર એન્ડ વિન્ડ એનર્જીના માધ્યમથી સ્થાપવા માટેની દિશામાં પહેલ કરવા ઇચ્છે છે.

ગુજરાતમાં ભરૂચ જિલ્લો, નર્મદા જિલ્લો અને તાપી જિલ્લો સહિત જ્યાં વિપુલ કેળાંની ખેતીનું ઉત્પાદન થઈ રહ્યું છે તેવા વિસ્તારોમાં કેળાંની ખેતી પછી કેળના થડ અને રેસાના વેસ્ટમાંથી કાગળ અને કાપડ બનાવવાનાં સફળ સંશોધનો નવસારી કૃષિ યુનિવર્સિટીએ કર્યા છે તેને કોમર્શિયલ સેક્ટરમાં લઈ જઈ કેળના થડ અને રેસામાંથી કાપડ તથા કાગળ ઉત્પાદનના ઔદ્યોગિક એકમો સ્થાપવાની નવી ક્ષિતિજો આકાર લઈ રહી છે અને ખેડૂત કેળાંના ઉત્પાદકોને પણ મૂલ્યવર્ધિત ખેતપેદાશ રૂપાંતર પ્રક્રિયાના ઔદ્યોગિક એકમો થકી આર્થિક ફાયદો થશે એ દિવસો દૂર નથી એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતનો વિકાસ આજે દુનિયામાં ચર્ચાનો વિષય છે અને વિશ્વની અનેક અગ્રગણ્ય કંપનીઓ તથા વિકસિત દેશો ગુજરાતમાં ભાગીદાર બનવા આવી રહ્યા છે તેનું કારણ ગુજરાત સરકારની નીતિઓ અને પારદર્શક વહીવટ, સક્ષમ શ્રમયોગ-લેબર ફોર્સ એન્ડ લેબર રિલેશન્સ, ઉત્તમ પ્રકારનું માળખાકીય સુવિધા નેટવર્ક તથા દીર્ઘદૃષ્ટિભર્યું વિકાસ આયોજન અને સુચારુ અમલીકરણ પરિણામલક્ષી બન્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું.

આજથી બસો વર્ષ પહેલાં ગુજરાતીઓએ નાના નાવડામાં સાહસિકતાના બળ ઉપર દરિયાપાર જઈને વિશ્વને પોતાનું ઘર બનાવ્યું હતું. હવે ૨૧મી સદીમાં એવો યુગ આવી રહ્યો છે કે વિશ્વ આખું ગુજરાતને પોતાનું ઘર બનાવશે. આપણું આ સપનું છે અને આજે જ્યારે વિશ્વભરની અગ્રગણ્ય સરકારો તથા ઉદ્યોગો ગુજરાતમાં આવવા તત્પર બન્યા છે ત્યારે ગુજરાતની ધરતી ઉપર તેને સાકાર કરવા, ગુજરાતના લાખો યુવાનોને રોજગારીની તકો મળે અને છેવાડાના સામાન્ય માનવીને વિકાસના લાભો મળે તે દિશામાં આ સરકાર વિકાસનો મંત્ર લઈને આગળ વધી રહી છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

•



## દેશમાં આજે એક બાજુ વિકાસની રાજનીતિને વરેલા રાજકીય પક્ષોનું ગઠબંધન અને બીજી બાજુ વોટબૅન્કની રાજનીતિને વરેલા પક્ષોનું ગઠબંધનની ધરી ઊભી થઈ છે - નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચેન્નાઈમાં તામિલનાડુના મુખ્યમંત્રીશ્રી તરીકે શપથ ગ્રહણ કરનારાં સુશ્રી જયલલિતાને શપથવિધિ સમારોહમાં રૂબરૂ મળીને હાર્દિક શુભ કામના પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી સુશ્રી જયલલિતાના આમંત્રણથી શપથ વિધિ સમારોહમાં હાજરી આપવા તાજેતરમાં ચેન્નાઈ આવી પહોંચ્યા હતા અને શપથવિધિ સંપન્ન થયા પછી શાલ અને પુષ્પગુચ્છથી સુશ્રી જયલલિતાનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો માત્ર તામિલનાડુના સત્તા પરિવર્તન પૂરતાં મર્યાદિત નથી પરંતુ તેનો પ્રભાવ દેશની સાંપ્રત રાજનીતિ ઉપર પણ પડવાનો છે. દેશમાં આજે ગઠબંધનની બે રાજકીય ધરીઓનું ધ્રુવીકરણ થઈ ગયું છે જેમાં એક બાજુ વિકાસની રાજનીતિને વરેલા રાજકીય પક્ષોનું ગઠબંધન અને બીજી બાજુ વોટબૅન્કની રાજનીતિને વરેલા પક્ષોનું ગઠબંધનની ધરી ઊભી થઈ છે. તામિલનાડુનાં પરિણામો વિકાસની રાજનીતિને વરેલી શક્તિઓને વધુ બળવત્તર બનાવશે.

મુખ્યમંત્રીશ્રીએ કર્ણાટકની રાજકીય સ્થિતિના સંદર્ભમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ રાજભવનોને સત્તાના દુરુપયોગથી અભડાવ્યાં છે અને બંધારણીય સત્તાઓને રાજકીય વિવાદમાં ઢસડી જઈને લોકતાંત્રિક અને સંવૈધાનિક મૂલ્યોને નુકસાન પહોંચાડ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સુશ્રી જયલલિતાને અને તેમના નવનિયુક્ત મંત્રીમંડળના સભ્યોને તામિલનાડુના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભ કામનાઓ પાઠવી હતી.